# પ્રકરણ ૪

# મંદિર અને પ્રાસાદ : એક અનુશીલન

# પ્રકરણ ૪

## મંદિર અને પ્રાસાદ : એક અનુશીલન

- ભૂમિકા
- મંદિર એટલે શું?
- મંદિરનું સ્વરૂપ
- મંદિરનાં અંગો
- મંડપ વિભાગ
- ગર્ભગૃહ
- મંદિર દિવાલ
- શિખરઃ એક પરિચય
- પ્રાસાદોનું દ્વારમાન
- ઘુંમટ રચનાવિધિ
- સંવરણા
- મંદિરનાં જુદા–જુદા પ્રકારો અને તેની રચનાવિધિ
- મંદિરનું મહત્ત્વ

# પ્રકરણ ૪

# મંદિર અને પ્રાસાદ : એક અનુશીલન

## ૪.૧ ભૂમિકા

ભારતીય શિલ્પવાસ્તુશાસ્ત્ર ભારતીય વાસ્તુકલાના મુકુટમણિ જ નહિ,પણ સર્વસ્વ છે. ભારતીય સ્થાપત્યના મૂર્તિમંત દેવપ્રસાદો છે.

ભારતીય વાસ્તુકલાની સર્વપ્રમુખ વિશેષતા તેની અધ્યાત્મનિષ્ઠા છે.આપણી વાસ્તુકલા વિશેષ કરીને મંદિર નિર્માણમાં પરિણમી વૃદ્ધિગત થઈ. મંદિરના ઉત્તુંગ શિખર સમાન આ આધારભૂત પ્રયોજન ભારતીય જનસમાજની ધાર્મિક ચેતના અને વિશ્વાસનું મૂર્તસ્વરૂપ પ્રદાન કરે છે.

વૈદિક સમયે યજ્ઞ, હવન તથા દેવતાઓનાં આવાહન એ ધાર્મિક અનુષ્ઠાનનું અંગ હતુ વળી, મૂર્તિપુજા અને મૂર્તિ વિશેના ખ્યાલો પણભારતમા ઘણાં લાંબા સમયથી પ્રચલિત હતા. પરિણામસ્વરૂપે ધાર્મિકઆવશ્યકતાઓએ વાસ્તુને જન્મ આપ્યો.જે **ધાર્મિક વાસ્તુ** તરીકે ઓળખાય છે. યજ્ઞવેદીનું નિર્માણ તે તથ્યની પુષ્ટિ કરે છે. પ્રારંભમાં યજ્ઞવેદીનુ નિર્માણમાટી, તેનુ મિશ્રણ,ગોબરના મિશ્રણથી કરવામા આવતું. પછી સમય જતા કાચી અને પાકી ઈટોનો પ્રયોગ થવા લાગ્યો. આમ યજ્ઞવેદીઓ પછીના સમયમાં હિંદુ-મંદિર નિર્માણ માટે અગત્યની બની.

મંદિરની જરૂરિયાત વિશે વિષ્ણુ ધર્મોત્તરપુરાણ નોંધે છે કે સતયુગમાં મનુષ્ય દેવોને પ્રત્યક્ષ નૈવેદ્ય આપી શકતા. પરંતુ ત્રેતા અને દ્વાપરયુગમાં પ્રત્યક્ષ નૈવેદ્ય લેવાની અને આપવાની શકિત ઓછી થઈ. પરિણામે દેવોને નૈવેદ્ય આપવાને માટે મનુષ્યોને મંદિરની આવશ્યકતા જણાઈ, જુદા-જુદા દેવો માટે જુદા-જુદા દેવો એમ અનેક પ્રકારનાં મંદિરો અસ્તિત્વમાં આવ્યાં.

પરમાત્માના આવાસરૂપ મંદિર એ માનવનુ જાગતિક લક્ષણ છે. પરમાત્માએ માત્ર કલ્પનાની વાત નથી પરંતુ અનેક લોકોની અનુભૂતિ હતી. એ મહાપુઢષોની અનુભૂતિને આધારે જ પરમાત્માના અવતરણ માટે વિશેષ આવાસરૂપે મંદિર સર્જાયું.

## ૪.૨ મંદિર એટલે શું ?

सलिलोद्यानं युक्तेषु कृतेष्वकृतकेषु च ।
स्थानेष्वेतेषु सान्निध्यमुपगच्छन्ति देवता : ।। [१]

પ્રાકૃતિક અથવા માનવનિર્મિત જલાશયોમાં અથવા ઉપવનોના સ્થલોમાં દેવો પ્રસન્નતાથી નિવાસ કરે છે.

### બૃહદ્સંહિતા અનુસાર

જે સરોવરમાં કમલરૂપી છત્રથી સુર્યના કિરણોનું નિવારણ થતું હોય,જયા હંસોની પાંખોના પ્રહારથી હાલતાં શ્વેત કમલોથી બનેલા માર્ગમાં નિર્મલ જલ હોય, જયા હંસ, કારંડવ, ક્રૌંચ અને

ચક્રવાક પક્ષીઓ કલરવ કરતા હોય, જયા કિનારા પર રહેલાં નિચુલ વૃક્ષોની છાયામાં જલચરો વિશ્રાંતિ લેતા હોય તેને દેવતાઓનું મંદિર જાણવું.

**ધાર્મિક અર્થ**

મંદિરનો વિકાસ ધર્મની કોઈ વિશેષતાને કારણે થયો નથી પરંતુ મનુષ્ય સ્વભાવમાં રહેલી આકૃતિપૂજાની ભાવનાને કારણે થયો છે. ઈશ્વર દેવતા અથવા મહાપુરૂષોની ઉપાસનાર્થે મનુષ્યે જે મૂર્તિઓ, અથવા ચિહ્નો નિર્મ્યા તે સમય જતા પવિત્ર ભવનોમાં સ્થાપિત કરવામા આવ્યા. આ ભવનો ભિન્ન-ભિન્ન સ્વરૂપ અને આકારમાં વિકસિત થયા છે.

**દેવલોકની સૃષ્ટિનું સૂક્ષ્મરૂપ અને માણસે કરેલું ચણતર એટલે મંદિર**. આ માન્યતાથી અવકાશ (સ્થળ) તથા સ્થુળ (ફીઝીકલ) સ્થળ ઉપર દેવલોક અને મનુષ્યલોક વચ્ચે સામ્ય સંબંધ કાયમ કરાય છે. **આ રીતે દેવલોકના આવાસોનું પ્રતિક એટલે મંદિર.**

વળી, જયાં પ્રભુના શ્વાસોચ્છ્વાસ સમા વેદોનો સ્વાધ્યાય થતો હોય તે એટલે મંદિર. મંદિર એ ઋષિઓએ ઉભી કરેલી પરમોચ્ચ વાત છે.

**શાસ્ત્રીય અર્થ**

મંદિર તેની પ્રાથમિક અવસ્થામાં દેવના રહેઠાણ માટે માત્ર **એક જ ખંડ**નું બનેલું હતું. સમય જતાં દેવપૂજન અર્ચન અર્થે આવતાં માનવની સગવડ ખાતર દેવના નિવાસ સ્થાન સામે **વિશાળ મંડપ**નું આયોજન થયું. આ મંડપ **સભામંડપ** તરીકે અને **દેવોનો નિવાસખંડ ગર્ભગૃહ** તરીકે ઓળ ખાવા લાગ્યો. આ પછી મંદિરને લગતા **ઈતર વિભાગો**નું જેમ-જેમ જરૂર પડી તેમ-તેમ **નિર્માણ** થવા લાગ્યું. અંતે **મંદિરે** આજના **ભવ્ય પ્રસાદ**નું સ્વરૂપ ધારણ કર્યું.

વળી, કયા ખૂણામાંથી, કેટલી માત્રામાં કરેલું ધ્વનિ ઉચ્ચારણ, કેવો પડઘો પાડશે અને તેનાથી કેવા વિદ્યુતમય વર્તુળ ઉભા થશે તેનું શાસ્ત્ર મંદિરનું બાંધકામ કરનાર "Architect" જાણતા હતા અને એ રીતે તેઓ બાંધકામ કરતાં હતાં. **વાસ્તુકલાના આચાર્યોએ "ધ્વનિની શકિતનો સાધનામાં ઉપયોગ કરવાની વિશિષ્ટ શકિતને ધ્યાનમાં રાખી આપણામાં રહેલી ચેતનાને જગાડવા માટે જેનું શાસ્ત્રીય રીતે સર્જન કર્યુ તે મંદિર."**

**સાંસ્કૃતિક અર્થ**

મંદિર આપણી ઉદાત્ત આકાંક્ષાઓને જગાડનારી ચેતના અને પ્રખર પુઢષાર્થી પ્રયત્નોની પ્રેરણા બની રહે તે માટે જે સ્થળનું સર્જન થયુ તે મંદિર. તેથી શરીર અને મનને તંદુરસ્ત કરનારી પાઠશાળા એટલે મંદિર તે એક જુદા જ પ્રકારનો આયામ છે. એક અલૌકિક વિશ્રામ છે, વિરામ છે. અતિ થાકેલ મનુષ્ય આશ્વાસન પ્રાપ્ત કરે છે. જયારે પુઢષાર્થી મનુષ્ય આવી પોતાની સાધનાના

પુઢષાર્થનું પ્રભુ સમક્ષ વર્ણન કરી પ્રોત્સાહન પ્રાપ્ત કરે છે. પોતાના શરીરને મંદિર બનાવવાનો પાઠ શીખવનાર પાઠશાળા એટલે જ મંદિર.

**સામાજિક અર્થ**

એક માને ચાર દીકરા હોય, એક વકીલ હોય,બીજો ઉદ્યોગપતિ હોય, ત્રીજો કારકુન હોય, ચોથો ખેડૂત હોય, એ ચારેય નો દરજજો જુદો-જુદો છે. શૈક્ષણિક સ્તર અલગ- અલગ છે. શારીરિક શકિત પણ અલગ-અલગ છે.

તેમ છતા એ ચારેય જણ વચ્ચે એક વાતસામાન્ય છે. તેમની "મા" એક છે. આને કારણે સામાજિક દરજજો કે શૈક્ષણિકસ્તર તેમને જુદા પાડી શકતા નથી. "મા" ના પ્રેમને આડે પણ આ વાત આવતી નથી. પરમાત્મા પણ આવી જ "મા" છે. અને આપણે સૌ તેના દીકરા છીએ.-અને તેથી જ આપણો એક દિવ્ય સંબંધ (Divine Relation) છે. આ વાત જે સ્થાન ઉપર જાણી શકાય, પાકી કરી શકાય, અનુભવી શકાય તે સ્થાન એટલે મંદિર.[૨]

## ૪-૩ મંદિરનું સ્વરૂપ

મંડળના દરેક ચોરસમાં એક- એક દેવતાનું સ્થાનગણાય છે. સૌથી **મોટો ચોરસ**,જે **મધ્યમા** હોય છે. તે સામાન્ય રીતે **બ્રહ્માનું સ્થાન** ગણાય છે. આ ચોરસની આસપાસ ગ્રહોના દેવતા મુકાય છે. તથા ચારેય દિશાઓના **દેવતા** તથા બીજા **ખગોળશાસ્ત્ર** પ્રમાણેના દેવતાઓના સ્થાનો ગણાય છે. આથી મંડળોમાં બધા ગ્રહો ઈત્યાદિની ભ્રમણ કક્ષાઓ બતાવી શકાય છે. આ ગ્રહોની ભ્રમણકક્ષાઓ સમયના પ્રવાહમાં પુનરાવર્તીત શ્રેણી છે. તદુઉપરાંત એક વાસ્તુ પુઢષ જે ખૂણાભર પડેલો છે. તેમાં દરેક ચોરસ તેના શરીર સાથે સબંધિત છે.

મંડળના મધ્યભાગને બહુ જ અગત્યનો ગણ્યો છે. કારણ કે પૂજન કરનાર ભકતને આ સ્થળે વૈશ્વિક ચેતનાનો સંપર્ક અનુભવ થાય છે. આ મધ્ય કેન્દ્ર ઉપર જ સૌથી વધારે પવિત્ર જગ્યા છે. અને મંદિરોમાં એ કેન્દ્ર ઉપર જ મૂર્તિ અથવા ઈશ્વરનું પ્રતીક સ્થાપવામાં આવે છે. આ મધ્યબિંદુ બ્રહ્માંડના મેરૂ પર્વતની સાથે બંધબેસતુ છે. મેરૂ પર્વત બ્રહ્માંડનો આધારસ્તંભ છે. પૂજનવિધિમાં મંદિરમાં ઉત્પન થતી શકિત આ કેન્દ્રમાંથી જ થાય છે. મંદિરમાં જે ક્રિયાઓ કરાય છે, તે બધી જ આ મધ્યબિંદુ ઉપર કેન્દ્રિત થાય છે.

## ૪-૪ મંદિરના અંગો

પ્રાસાદની રચનાને દેવશરીરરૂપ કલ્પ્યું છે. પાયની **શિલા** પગરૂપે, ગર્ભગૃહ **ઉદર** પેટ રૂપે, પાયા પરની **જગતી** જાંઘરૂપે, **થાંભલો** રૂપે ઢીંચણ, **ઘંટા** જીભરૂપે, **દીપક** પ્રાણરૂપે, **ગુદા** રૂપે **પ્રવાલ**, દેવનું **બ્રહ્મ સ્થાન નાભિ, પીઠિકા** રૂપે હૃદય અને **પ્રતિમા** પુઢષરૂપે જાણવાં.[૩]

**પગ**નો સંચાર અહંકાર, **દીપ**નો પ્રકાશ ચક્ષુરૂપે, **ઉપરનો ભાગ** તેની પ્રકૃતિ, **પ્રતિમા** આત્મારૂપે બુદ્ધિમાને જાણવા, **દ્વારના કુંભીના** તલથી નીચેનો ભાગ લિંગરૂપે જાણવો, **શિખરનો શુકનાશ** એ

નાસિકારૂપ, **ગવાક્ષ** – જરૂખા કાનરૂપ, **શિખરનો સ્કંધ તે ખંભો** અને **આમલસારાનું ગળુ** તે કંઠરૂપ, **આમલશારાને** કલશ મસ્તકરૂપે જાણવા, **ચૂનાનું પ્લાસ્ટર** તે ચામડી રૂપે જાણવું. **પૃથ્વી મેદ** રૂપે, **ચૂનાનો લેપ** માંસરૂપે, **શિલા**ઓ હાડકારૂપે, **ખીલાઓ** સ્નાયુરૂપે, **શૃંગ** ચક્ષુરૂપ, **ધ્વજા** કેશરૂપે. આ રીતે પ્રાસાદના સર્વઅંગો જાણવા.[૪]

## ૪.૪.૧ જગતી

प्रासादानामधिष्ठानं जगती सा निगद्यते ।
यथा सिंहासनं राज्ञः प्रासादस्य तथैव सा ।।[५]

અર્થાત્ પ્રાસાદોના અધિષ્ઠાનને જગતી (ઓટલો) કહે છે. રાજાનું અધિષ્ઠાન જેમ સિંહાસન છે.તેમ પ્રાસાદનું સિંહાસન જગતી છે.

### જગતીના પ્રકારો

મંદિરોની જગતી ચોરસ, અષ્ટકોણ, ગોળ, લંબચોરસ અને પ્રાસાદને અનુરૂપ મંદિરના તલના સ્વરૂપ પ્રમાણે એમ પાંચ પ્રકારની કહી છે.

### પાંચ છંદો

જે પ્રકારનો મૂલ પ્રાસાદ હોય તે જ પ્રકારની જગતી કરવી. સમચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટકોણ આ **પાંચ છંદો** છે.

સમચોરસ જગતીને **વીરભદ્રા**, લંબચોરસને **સુપતાકા**,ગોળને **પૂર્ણભદ્રા** અને લંબગોળને **ભદ્રિકા**, અષ્ટકોણને **જયા** તથા **સ્વસ્તિકા** અને **વિજયા** કહી છે. સોળ કોણની જગતીને **અજિતા** અને બત્રીસ કોણની જગતીને **અપરાજિતા** કહી છે.

### જગતીના નિયમો[૬]

- મંડપોના અનુક્રમે બહારના ભાગે જગતી નીકળતી કરવી, મંડપથી સવાઈ, દોઢી અથવા બમણી કરવી.
- મંદિરથી છ ગુણી તથા સાતગુણી જગતી જિનના દેવાલયોનેકરવી. સૂર્યના દેવાલયને તથા પુઢષત્રય એટલે બહ્મા, વિષ્ણુ,મહેશનાદેવાલયોને પણ તે પ્રમાણે કરવી.
- ચાર, બાર, વીસ, અઠાવીશ અને છત્રીસ ખૂણોવાળી જગતી કરવાથી પાંચ પ્રકારની જગતીની ફાલનાઓ થાય છે.
- જગતીની ઉંચાઈનું પ્રમાણ દરેક ગજેપોણા પાંચ આંગળની વૃદ્ધિ કરી જગતીની ઉંચાઈનું પહેલુ પ્રમાણજાણવું. દા.ત. ગજ સુધી પ્રસાદનીપહોળાઈના માપથી અર્ધા માપે જગતી ઉંચી કરવી.
- બુદ્ધિમાન શિલ્પીએ જગતીની ઉંચાઈના અઠાવીસભાગો કરવન. તેમા ત્રણ ભાગનો જાંડબો, બે ભાગની કર્ણિકા, ત્રણ ભાગનું કમળપત્ર,ગ્રાસપટ્ટી,બે ભાગનો ખરો, સાત ભાગનો કુંભો, ત્રણ

ભાગનો કળશ,એક ભાગની અંતરપત્રિકા(અંતરાલ) ત્રણ ભાગની કપોતાલી(કેવાલ),ચાર ભાગનો પુષ્પકંઠ કરવો.

➢ જગતીની શિલાઓનું ભીટમાન અર્થાત કોઈપણ રીતે નીચેના ભાગમાં પોલા ન રહે તે રીતે ઈંટો,ચૂનો,પાણીથી સભર ચોડવી ત મુજબ પ્રથમ ભીટમાન, દ્વિતિય અને તૃતીય, ચતૂર્થ ભીટમાન (ભીંતનું પ્રમાણ) જાળવવુ.

## ૪.૪.૨ પ્રતોલ્યા લક્ષણ

प्राकारे देवसह्याग्रे राजद्वारे महद्स्मृतौ ।
जलाशयाग्रे कर्तव्यं सर्वाग्रे च प्रतोल्यकम् ।।[७]

(૧) બે સ્તંભવાળા પ્રતોલ્યકને **ઉત્તંગ**

(૨) બે જોડે સ્તંભવાળા પ્રતોલ્યકને માલાધર

(૩) ચોરસ અને ચાર સ્તંભવાળા પ્રતોલ્યકને **વિચિત્ર**

(૪) બે એક એક અને બે જોડે સ્તંભવાળા તેમજ **વિચિત્ર સ્વરૂપવાળી ચિત્રરૂપ**

(૫) વેદિકા સાથેના છ સ્તંભવાળા **પ્રતોલ્યકને મગરધ્વજ** કહે છે.

### પ્રતોલ્યા તોરણ સ્તંભોનો વિસ્તાર

स्तंभगर्भे भित्तिगर्भे तन्मध्ये च विचक्षणः ।
तोरणस्योभयस्तम्भौ ब्रह्मगर्भे तु संस्थितौ ।।[८]

હે બુદ્ધિમાન! તોરણના બંન્ને સ્તંભો પ્રાસાદના પદના ગર્ભે ,અગર તેની દીવાલના ગર્ભે, અગર તે બેની વચ્ચે સ્થાપન કરવા, પરંતુ તે ઉભા બ્રહ્મગર્ભની બંને બાજુ(સરખા ભાગે) તોરણના બંન્ને સ્તંભો ઉભા કરવા.

### પ્રતોલ્યાના સ્તંભાદિથરોનું ઉદય પ્રમાણ અને સ્વરૂપ

**પ્રતોલ્યામાં** નીચે પીઠ કરવું, તેની ઉપર જાંડબો, કણી, ગ્રાસપટ્ટી, કુભી, સ્તંભ, ભરણું, સરા કરવા, તે બધા પ્રાસાદના માપે કરવા. પદ પણ પાટના પદ પ્રમાણે કરવો.

**પ્રતોલ્યાનું** પીઠ (જાંડબો, કણી,ગ્રાસપટી) પોણા બે ભાગનુ, તે પર કુંભી એક ભાગની,સ્તંભ પાંચ ભાગનો, ભરણુ અડધા ભાગનું,સરૂ એક ભાગનું અને ઉપર ગડદી(ઠેકી) પોણા બે ભાગનીકરવી. તેની ઉપર સરૂ એક ભાગનું,તેના ઉપર એક ભાગ ઉંચો પાટ(એમ કુલ તેર ભાગ પીઠ સહીત થયા) પાટ ઉપર ફૂટ છાદ્ય કરી તે પર સ્તંભના ગર્ભે તિલક કરવુ. વચ્ચે ત્રણ, પાંચ,સાત કે નવ તોરણના આટાઓ (ઈયળના જેવા) કરવા. તોરણના મધ્યમાં મહાદેવ અને તેની જમણી બાજુ બ્રહ્મા અને ડાબી બાજુ વિષ્ણુની મૂર્તિઓ કરવી. તે ઈલિકાને કોતર કામથી અલંકૃત કરવી.

'દીપાર્ણવ' મુજબ પાંચ પ્રકાર

स्तंभ द्वयेन चोत्तुगं युग्मस्तंभैर्मालाधरः ।
चतुरस्त्रचतुःस्तंभे र्विचित्रः परिकीर्तितः ।।
स्तंभस्योभयपक्षे तु वेदिका चित्ररूपकः ।
षड्भिः स्तंभैस्तु रूपाढ्य - मकरध्वजमुच्यते ।।[९]

## ૪.૪.૩પીઠમાન

ભીંત કર્યા બાદ મંદિરમા પીઠમાન જાળવવુ. એક ગજના મંદિરને પીઠ બાર આંગળ સુધી ઉંચી કરવી. પછી પાંચ ગજ સુધી,પાંચ થી દસ ગજ સુધી ચાર આંગળ,દસથી વીસ ગજ સુધી ત્રણ આંગળ, વીસથી છત્રીસ ગજ સુધી દોઢ આંગળ સુધી,છત્રીસથી પચાસ ગજ સુધી પોણા આંગળની વૃદ્ધિ કરવી.

આ પ્રમાણથી પાંચમાં અંશે ઓછી કરે તો કનિષ્ઠ માનની અને પાંચમાભાગે અધિક કરે તો જયેષ્ઠ માનની પીઠ થાય તે શુભ ગણાય છે.

**પીઠના નવ નામો છે.**

(૧)શુભદ (૨)સર્વતોભદ્ર (૩) પદ્મક (૪)વસુંધર (૫)સિંહ (૬)વ્યોમ (૭)ગરૂડ (૮) હંસ (૯) વૃષભ

પ્રાસાદની ઊંચાઈમા **૨૧** વિભાગો કરવા તેમા ૫, ૬, ૭, ૮, ૯ ભાગ સુધા પીઠની ઉંચાઈ કરવી. આ પ્રમાણેપીઠની ઉંચાઈ પાંચ પ્રકારે થાય છે. પ્રાસાદની પહોળાઈની સીમાથી પીઠનું માપ કહ્યું છે. દરેક પીઠ પોતપોતાના પ્રમાણાનુસાર પ્રાસાદને આધારરૂપ છે.

सर्वेषां पीठमाधारः पीठहीनं निराश्रयम् ।
पीठहीनं विनश्येत् प्रासादभवनादिकम् ।।[१०]

સર્વ પ્રકારનાં પ્રાસાદોનો આધાર પીઠ છે અને પીઠરહિત દેવાલયો નિરાધાર થાય છે. નિરાધાર દેવાલયોનો અને ભવનાદિનો નાશ થાય છે.

✵ **પીઠ ઉદયમાન -૧**

એક હસ્તના વિસ્તૃત પ્રાસાદને પીઠનો ઉદય બાર અંગુલ, બેહસ્તના પ્રાસાદને પીઠનો ઉદય સોળ અંગુલ,અને ત્રણ હસ્તના પ્રાસાદને પીઠનો ઉદય અઢાર અંગુલ કરવો. ચાર હસ્તના પ્રાસાદને અર્ધે ભાગે, ત્રીજા હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે છઠ્ઠો ભાગ,ચાર અંગુલ, અગિયારથી વીસ હસ્તના પ્રાસાદનેબારમો ભાગ બે અંગુલ અને સાડત્રીસથી પચાસ હસ્તના પ્રાસાદના પ્રત્યેક હસ્તે ચોવીસમો ભાગ એક અંગુલ.આ પ્રમાણે પીઠનો ઉદય કરવો.પાંચમો ભાગ વધારવાથી જયેષ્ઠ અને હીન કરવાથી કનિષ્ઠ માન જાણવું.

## ❋ પીઠ ઉદયમાન-૨

પ્રાસાદના વિસ્તારથી અર્ધા ભાગે પીઠનો ઉદય કરવો.તે ઉતમ પીઠ છે. આ પીઠના ચાર ભાગ કરી ,ત્રણ ભાગનો ઉદયતે મધ્યમ અને બે ભાગનો ઉદય તે કનિષ્ઠ પીઠમાન જાણવુ.

## ❋ પીઠોદયથરમાન

જે માનથી પીઠ બનાવ્યુ હોય તેના ઉદયના ત્રેપન ભાગ કરવા. તેમા બત્રીસ ભાગ નિર્ગમ કરવો.ઉદયના ત્રેપન ભાગમા નવ ભાગનો જાંડબો અંતરાલ સાથે, સાતભાગની કર્ણિકા, સાત ભાગની કપોલી(છાજલી) સાથે ગ્રાસપટી, તેની ઉપર બાર ભાગનો ગજથર, દસભાગનો અશ્વથર અને આઠભાગનો નરથર કરવો. અશ્વથરને બદલે જે દેવનો પ્રાસાદ હોય તે દેવના વાહનનો થર પણ કરી શકાય.

## ❋ પીઠોદયમાન

એક હસ્તના પ્રાસાદને બાર અંગુલનું ઉદયમાને પીઠ કરવું. બે થી પાંચ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે પાંચ પાંચ અંગુલ વૃદ્ધિ કરી અગિયારથી વીસ હસ્તના પ્રાસાદને ચાર-ચાર અંગુલ વૃદ્ધિ કરવી.એકવીસથી છત્રીસ હસ્તના પ્રાસાદને ત્રણ-ત્રણ અંગુલ વૃદ્ધિ કરવી. સાડત્રીસથી પચાસ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે એક-એક અંગુલ વૃદ્ધિ કરવી.

૫૩ વિભાગ[૧૧] (પીઠના થરમાન ૫૩ વિભાગ)

| | |
|---|---|
| જાંડબો | - ૦૯ |
| કર્ણિકા | - ૦૭ |
| કપોતલી | - - |
| ગ્રાસપટ્ટી | - ૦૭ |
| ગજથર | - ૧૨ |
| અશ્વથર | - ૧૦ |
| નરથર | - ૦૮ |
| | ------ |
| | ૫૩ |

## ૪.૪.૪ મંડોવર (વિભાગ)

**'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ'**ના પાંચમા અધ્યાયના આરંભે વિશ્વકર્મા કહે છે કે મંદિરનું પ્રમાણ તેની બે રેખા – કર્ણના મૂળનાસિકે જાણવું. રથ, ઉપરથ, નંદી, ભદ્ર, ઉપભદ્ર, આદિ અંગો રેખા (કર્ણ)થી બહાર નીકળતાં કરવા. પીઠ વગેરે તેનાથી પણ બહાર નીકળતા કરવાં.

મંડોવર એટલે મંદિરની ઉભણી, તેનુ માપ આપતાં કહ્યું છે કે એક ગજથી પાંચ ગજ સુધીના પ્રાસાદની ઉભણી પ્રાસાદની પહોળાઈ, જેટલી ઉંચી કરવી. ત્યારબાદ પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ ઉભણી માપ બતાવ્યું છે.

✵ **મંડોવરના અંગો**

**૧૪૪ ભાગના મંડોવરના અંગોનું સ્વરૂપ**

**મંડોવરથરમાન લક્ષણ**

પીઠના મથાળાથી છજાના મથાળા સુધી **૧૪૪** ભાગ કરવા. તેમાં ૫ ભાગખરો, **૨૦** ભાગ કુંભો, ૮ ભાગ કલશો, **૨ાા** ભાગ અંતરાલ ૮ ભાગ કપોતાલી, ૯ ભાગ મંચિકા, **૩૫** ભાગ જંઘા, **૧૫** ભાગ ઉદ્‌ગમ, ૮ ભાગ ભરણી, **૧૦** ભાગ શિરાવટ્ટી, ૮ ભાગ કપોતાલી, **૨ાા** ભાગ અંતરાલ, **૧૩** ભાગ છજુ કરવું. **૧૦** ભાગ નીકાળે કરવો.[૧૨]

૧૨૯ ભાગનો મેરૂ મંડોવર શ્લોક-૭૯

૧૦૮ ભાગનો મંડોવર શ્લોક ૮૦ થી ૮૪

૨૭ ભાગનો મંડોવર શ્લોક ૮૫,૮૬ માં કરવાનું વિધાન છે.

સામાન્ય મંડોવરો કરવો હોય તો શિરાવટી, ડોઢિયો, માંચી અને જંઘા ,આટલા સ્વરૂપો મંડોવરમાં છોડી દેવા.

पीठतो छाद्यपर्यन्त सप्तविंशतिभाजिते ।
द्वादशखुरकादीनां भागसंख्या क्रमेण च ।। १ ।।
स्यादकेवेद सार्धार्धसार्धाष्टभिस्त्रिभिः ।
सार्धसार्धार्धभागद्विसार्धद्वयंशैविनिर्गमः ।। २ ।। [१३]

✵ **ખુરક**

**વિભાગ મંડોવર વિભકિત સાર પ્રમાણ**

વિભકિત અને વિભાગ સંખ્યા-(૧૪૪) ભાગો કરવાં. એક હસ્તના પ્રાસાદથી પચાસ હસ્તના પ્રાસાદ સુધી ખરો પાંચ ભાગ કરવો, બે ભાગ નિકાળો કરવો, અર્ધા ભાગનું અંતરપત્ર, બે ભાગનો કર્ણ, દોઢ ભાગની ચિપ્પિકા કરવી. દોઢ ભાગનું કણક કરવું. કણકનો અગ્ર ભાગ બે પટ્ટીઓથી સુશોભિત

કરવો. અને પટ્ટિકાઓ નિકાળે એક ભાગ રાખવી. કણક નિકાળે સવા ભાગ કરવું. તથા કુભંકની મુખાલી કણકથી બે ભાગે નિકાળે કરવી.

### ❋ કુંભક

ખુરા ઉપર વીશ ભાગનાં ઉદયવાળો કુંભાનો થર કરવો, અર્ધો ભાગ સ્કંધપટ્ટ તથા એક ભાગની ચિપ્પિકાઓ કરવી. ચિપ્પિકા કમલ પાંખડીઓયુક્ત કરવી.પહેલી, વચલી, અને છેલ્લી એમ કુંભામા ત્રણેય બાજુએ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર મૂર્તિઓ કરવી. ત્રિસંધ્યાના સ્વરૂપો વડે ચંદ્ર શોભા સંપન્ન તેમજ વિચિત્ર પરિકરોથી યુકત કરવું. નાસિકાઓ અટલે કર્ણો પ્રતિરથના ખૂણાઓના મધ્યગર્ભરૂપે સંધાય એટલે મૂર્તિયુકત કરવાં. સ્તંભિકાઓ, તોરણ, કમલપત્ર, કમલદંડથી શોભાયુકત કરી ઉપર પ્રમાણે સમગ્ર કુંભો સ્વરૂપમય તથા વિચિત્રકાર સ્વરૂપનો કરવો. ખુરાના માનમાંથી નિકળેલું કુંભાનું પ્રમાણ જાળવવું.

### ❋ કલશ – અંતરપટ

કુંભા ઉપર આઠ ભાગનો કલશ કરવો. તેનો છ ભાગનો મધ્યભાગ ચિપ્પિકાઓથી ગોળ કરવો. તેના ઉપર એક ભાગની ચિપ્પિકા કરવી. નાના પ્રકારના રત્નયુકત અને શોભાસંપન્ન પટ્ટબંધ કરવો. અને પુષ્પના આકારોથી દિવ્ય શોભાવાળું અઢીભાગનું અંતરપટ કરવું.

### ❋ કપોતાલી

કપોતાલી આઠ ભાગની કરવી. તેમાં અર્ધાભાગની સ્કંધપટ્ટિકા, બે ભાગનો કર્ણ, સવા બે ભાગનો સ્કંધ, પા ભાગની મુખ્ય પટ્ટિકા, સ્કંધ બહાર નીકળે તો અઢી ભાગનો કરવો, અર્ધા ભાગનો સ્કંધ પટ્ટમધ્યે કરવો, મુખપટ્ટી કરવી, તેમાં નીચેના ભાગે ગગારક કરવા. તે બધા આગળના ભાગે ચાર–ચાર ભાગે સરખા કરવા. દલનાં ગર્ભમાંથી નીકળતો ઉર્ધ્વસ્કંધ કરવો. કપોતાલીનાં દરેક અંગનાં મધ્યગર્ભે ઉપર ઠગારિકા કરવી.

### ❋ મંચિકા

મંચિકા નવભાગ ઉચી કરવી. તેમાં સવાભાગનું અંતરપત્ર, પોણાભાગનું કામરૂપ, પા ભાગની પટ્ટિકા, બે ભાગનો સ્કંધ, સવાભાગની અંતરપટ્ટિ, અર્ધાભાગનો કણક અને પા ભાગની નિર્વાણપટ્ટિકા કરવી. કપોતલી સૂત્રે ગગારકો કરવો. જંઘાના થાભલા નીકળતા રાખવા તેની નીચે લુંબો ગોળાકાર લટકતી રાખવી.

### ❋ જંઘા

મંચિકા ઉપર પાંત્રીસ બધી મૂલ નાસિકાઓના થાંભલીઓની ચોકી કરવી, ભાગના ઉદયમાને જંઘા કરવી. ગોળાકાર થાંભલીઓ સહિત નાસિકાઓની ફાલનાઓ કરવી બધી મૂલનાસિકાઓમાં થાંભલીઓની ચોકી કરવી અને તે હસ્તી, સિંહ, મકરો, વગેરેથી અલંકૃત કરવી.

જંઘાના કર્ણોમાં પૂર્વાદિક્રમથી અષ્ટદિક્પાલો કરવા. પશ્ચિમ બાજુનાં ભદ્રમાં નરેશ, દક્ષિણમાં અંધકાસુરની સાથે લડતા શિવ, ઉતરે ચંડદૈત્યનો નાશ કરતી દષ્ટાઓથી શોભિત મુખવાળી દેવી કરવી. વિતરણ પ્રાસાદે ભદ્રે શાસનદેવ કરવાં. પ્રતિરથમાં સૂત્રદેવો અને દિશાધિપો કરવા. ભદ્રમાં ગવાક્ષો કરવા. બહાર સુશોભિત નાના ભરણયુકત સ્તંભો, તિલક, તોરણ, છાદ્યો, અર્ધગોળાકાર તોરણો દેવોને કરવા.

### ❋ ઉદ્ગમ

ઉદ્ગમભાગ પંદરનો ઊંચો કરવો. અર્ધાભાગનું છાજુ, પા ભાગની કપોતલી, પા ભાગનું અંતરપત્ર, સાડાપાંચભાગનો પહેલો ઉદ્ગમ ઉંચો કરવો. બીજો ઉદ્ગમ સાડાઆઠ ભાગનો ઉંચો કરવો. અર્ધાભાગનું અંતરપત્ર, અર્ધાભાગની અંધારિકા કરવી. ગ્રાસપટ્ટી ત્રણભાગની ઉંચી કરવી. ઉદ્ગમના નિકાળે કર્ણિકાઓ કરવી.

### ❋ ભરણી

ભરણી આઠભાગની કરવી અને ભરણીની નીચેનો છંદ ગોળાકાર કરવો. સમગ્ર ભરણી ગોળ કરવી નહિં. પોણાભાગનું કામરૂપ, પા ભાગની સ્કંધપટ્ટિકા, અર્ધાભાગની ચિપ્પિકા, સવાભાગનું કણક, પા ભાગની પટ્ટિકા અને અંતરાલ કરવું. બે ભાગનો સ્કંધ, પોણાભાગનું કર્ણ કરવું અર્ધાભાગનું અંતરપત્ર કરવું. નાસિકાઓના સર્વઉપાંગોમાં કામરૂપ પલ્લવો કરવા.

### ❋ શિરોવટી

શિરોવટીનો ઉદયભાગ દશભાગનો કરવો. તેમાં ત્રણભાગની પુતલિકાઓ કરવી. પોણાભાગનો સ્કંધ, પોણાભાગનો કર્ણ, અર્ધાભાગનું અંતરપત્ર કરવું. તે સર્વ કામનાઓને આપનાર છે. ઉપરના ભાગે પટ્ટ કરવો. ગોળાઈમાં શિરોવટી ભાગ પાંચની કરવી.

### ❋ કપોતાલી માલા

શિરોવટી ઉપર કપોતાલી પૂર્વમાન પ્રમાણે કરવી. અંતરપત્ર અઢી ભાગનું કરવું તે સર્વકામનાને આપનારું છે.

### ❋ છાદ્ય

કૂટછાદ્યની ઉંચાઈ તેર ભાગ કરવી. તેમાં અર્ધાભાગની સ્કંધપટ્ટી, ત્રણભાગનો સ્કંધ, અર્ધાભાગની મુખપટ્ટી, ચારભાગનો છાદનો ઉદય, એકભાગની દંડિકા, ચારભાગ અંતરપત્રિકા, સવાભાગનો કર્ણ, બે ભાગનો સ્કંધ, પા ભાગની સ્કંધપટ્ટી, તે સર્વકામનાને આપનાર છે. કપોતલીથી છાદ્યનો નિર્ગમ દશભાગનો કરવો. છાદ નીચેનો સ્કંધ ચાર ભાગનો કરવો. અને મણિબંધ દોઢભાગ કરવો. મણિબંધના અગ્રભાગે તેના બરાબર ચિપ્પિકા કરવી.

## ✵ ચાર પ્રકારની જંઘા

(૧) નાગરી (૨) લાટી (૩) વૈરાટી અને (૪) દ્રાવિડી છે. તેમાં નાગરી જંઘા રૂપ વગરની અને શુદ્ધ છે. લાટી જંઘા સ્ત્રી યુગલવાળી, વૈરાટીજંઘા પત્રોથી વ્યાપ્ત બનાવેલી અર્થાત્ પત્રોના જૂથવાળી અને દ્રાવિડી જંઘા ઘણી માંજરીઓવાળી કરવી, મધ્યપ્રદેશમાં નાગરી, લાટ દેશમાં લાટી, દક્ષિણ દેશમાં દ્રાવિડી અને સર્વદેશોમાં વૈરાટી જંઘા કરવી.

## ✵ મેરૂ મંડોવરમાન

મેરૂ મંડોવરાને માચીથી ભરણી ઉપરના અંગોમાં સરાવટી ભાગ ૮, જંઘા ભાગ ૨૫, ડોઢિયો ભાગ ૧૩ અને ભરણી ભાગ ૮ની કરવી, તથા શેષ થરોનું પ્રમાણ બુદ્ધિમાન શિલ્પીએ પૂર્વપ્રમાણ અર્થાત્ ૧૪૪ ભાગના મંડોવરા પ્રમાણે જાણવું.

૧૦૮ ભાગનો મંડોવરો

खुरक च चतुर्भागं कुभकं दशप चकम् ।।
प्रवेश चतुर्भागं स्कंधं च पत्रसंयुतम्
कुंभलिस च षड्भागं त्रिभागान्तरपत्रकम् ।
कपोतालीं च षड्भागां मं चिकापि तथैव च ।।
द्वात्रिंशत्पादिकोष्छ्राया कार्या जंघा विचक्षणैः ।
उदगमं रूद्भागं च कपिग्रासैरलङ्कृतम् ।।
भरणी चैव षड्भागा कपोताली षडेव तु ।।
त्रिभागान्तरपत्रं च कर्तव्यं च विचक्षणैः ।
खुटछाद्य दिग्भागं सप्तभागादिनिर्गमः ।। [१४]

## ✵ સામાન્ય મંડોવર

સામાન્ય મંડોવરો કરવો હોય તો શિરાવટી, ડોઢિયો, માંચી અને જંઘા,આટલા સ્વરૂપો મંડોવરામાં છોડી દેવા, કારણ કે વિશ્વકર્માએ 'શિલ્પરત્નાકરઃ' માં કહ્યું છે કે અલ્પદ્રવ્યમાં પણ મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે.

## ✵ મંડોવર થર સમસૂત્રો

કુંભાદિ થરો નિર્ગમે ઓલંબો એક સૂત્રે કરવા અને પીઠ તથા છજાનો નિર્ગમ કુંભાદિથી બહારના ભાગે નીકળતો કરવો.

## ✵ વિભાગ મંડોવર

એકસો આઠ ભાગના મંડોવરમાં ચાર ભાગનો ખુરો અને પંદર ભાગનો કુંભો કરવો, કુંભાના ઘાટ ચાર ભાગ અંદર પ્રવેશતો કરવો, તથા સ્કંધ પાંદડાથી અલંકૃત કરવો. છ ભાગનો કલશ, ત્રણ

ભાગની અંતરાલ, છ ભાગની કપોતાલી, છ ભાગની મંચી કરવી. બુદ્ધિમાનોએ બત્રીસ ભાગની જંઘા કરવી, અગિયાર ભાગનો ડોઢિયો કરવો, છ ભાગની ભરણી, વાંદરા અને ગ્રાસમુખોથી સુશોભિત કરવા. છભાગની ભરણી, છ ભાગની કપોતલી, ત્રણ ભાગની અંતરાલ કરવી. છજુ દસ ભાગનું કરવું અને સાત ભાગથી વધારે નીકળતું કરવું.[૧૫]

### ✵ ચતુર્મુખ પ્રાસાદ વિભાગ મંડોવર

એક ભાગ ખુરો, સાત ભાગ કુંભો, ત્રણ ભાગ કલશ, એક ભાગ અંતરાલ, ત્રણ ભાગ કપોતલી, અડધો ભાગ અંતરાલ, ત્રણ ભાગ મંચિકા, પંદર ભાગ જંઘા, પાંચ ભાગ ડોઢિયો, ત્રણ ભાગ ભરણી, અડધો ભાગ અંતરપત્ર, ચાર ભાગ શિરાવટી, ચતુર્મુખ પ્રાસાદને શિરાવટીનાં મથાળે ઢાંકી દેવો શુભ છે. છાદન કર્યા પછી ત્રણ ભાગ કપોતલી, ત્રણ ભાગ માલા કેવાલ, ચાર ભાગ છાદ્ય કરવું અને બહાર ચાર ભાગ કરવું.

## ૪.૫ મંડપ વિભાગ

'શિલ્પરત્નાકરઃ'ના ચતુર્થરત્નમાં શરૂઆતમાં જ વિદ્વાન શિલ્પીએ પ્રાસાદના પ્રમાણને અનુરૂપ મંડપ બનાવવાનું કહ્યુ છે. તેનું પ્રમાણ આપતાં કહે છે કે–

समं सपादः प्रासादात् सार्धो पादोनतद्द्वयः ।
द्विगुणो वा प्रकर्तव्यो मण्डपः प चधा मतः ।।[१६]

(૧) પ્રાસાદ પ્રમાણે (૨) સવાયો (૩) દોઢો (૪) પોણા બે ગણો (૫) સવા બે ગણો મંડપ કરવો. મંડપના આ પાંચ પ્રકાર માનેલા છે. તેથી મોટો કરવો નહી. તે મુજબ વાસ્તુહિતકર્તા છે. દશથી પચાસ ગજ સુધીના પ્રાસાદને મંડપ પ્રાસાદના પ્રમાણે સરખો અથવા સવાયો, પાંચથી દશ ગજ સુધી દોઢો, ચાર ગજના પ્રાસાદને પોણા બે ગણો અને ત્રણ ગજના પ્રાસાદને બમણો કરવો.તથા એક ગજના પ્રાસાદને ચોકી કરવી. ઘણું કરી મંડપ દોઢો કરવો. પરંતુ પ્રતિલિંદક એટલે વચલા પદની બંને બાજુ એકેક ચોકીવાળો મંડપ બમણો કરવો.

'શિલ્પરત્નાકરઃ'માં ચતુર્થરત્નમાં કહ્યું છે કે **ગૂઢ મંડપ** ત્રણ દ્વારવાળો અથવા એક દ્વાર વાળો કરવો અને તેની આગળ ચોકી કરવી. ગૂઢ મંડપ અને ખુલ્લા મંડપ ઉપર ઘુંમટ પહોળાઈના અર્ધા ભાગે ઊંચો, અર્ધગોળાકાર કરવો.

મંડપભિત્તિ પ્રાસાદના માન પ્રમાણે કરવી. પીઠ ઉપરથી પાટ સુધી મંડપને દ્વાર એક અથવા ત્રણ કરવા. હવા માટે જાળિયા તથા બારી જોવા માટે કરવી. પ્રાસાદના દ્વાર પ્રમાણે મંડપના દ્વારનો વિસ્તાર કરવો. પ્રાસાદના ગર્ભમાનથી મુખમંડપની રચના કરવી. ગર્ભગૃહના મૂલસ્તંભના સૂત્રે મંડપના સ્તંભો કરવા.

## ૪.૫.૧ મંડપના પદ વિભાગ

प चभागे द्वयं मध्ये सप्तभागे त्रयं तथा ।
चत्वारि नव भागे शाला मध्ये प्रमाणकम् ।।
चतुष्कि च तथाष्टाशं शुभं स्तभानुसारतः ।
सवरणं वितानञ्च ह्यर्धमानेन मण्डपे ।।
प्राकारैमण्डिताः कार्यातु द्वाराणि मण्डपे ।
मकरेर्जलनिष्कासाः सोपानतोरणादिभिः ।।[१७]

❋ **મંડપના નામ દ્વાદશ**

(૧) સુભદ્ર (૨) કિરીટ (૩) દુંદુભિ (૪) પ્રાંત (૫) મનોહર (૬) શાન્ત (૭) નંદાખ્ય (૮) સુદર્શન (૯) રમ્યક (૧૦) સુનાભ (૧૧) સિંહ (૧૨) સૂર્યાત્મક

❋ **ગૂઢમંડપો**

(૧) વર્ધમાન (૨) સ્વસ્તિક (૩) ગરૂડ (૪) સુરનંદન (૫) સર્વતોભદ્ર (૬) કૈલાસ (૭) ઈન્દ્રનીલ (૮) રત્નસંભવ

❋ **પુષ્પકાદિ મંડપો**

(૧) પુષ્પ (૨) પુષ્પભદ્ર (૩) સુપ્રભ (૪) મૃગનંદન (૫) કૌશલ્ય (૬) બુદ્ધિસંકીર્ણ (૭) ગજભદ્ર (૮) જયાવહ (૯) શ્રીવત્સ (૧૦) વિજય (૧૧) વાસ્તુકીર્ણ (૧૨) શ્રીધર (૧૩) યજ્ઞભદ્રક (૧૪) વિશાલાક્ષ (૧૫) સુશ્રેષ્ઠ (૧૬) શત્રુમર્દન (૧૭) ભુજય (૧૮) નન્દ (૧૯) વિમાન (૨૦) ભદ્રક (૨૧) સુગ્રીવ (૨૨) હર્ષણ (૨૩) કર્ણિકાર (૨૪) પદાધિક (૨૫) સિંહ (૨૬) સિંહભદ્ર (૨૭) સમસૂત્ર

❋ **મેર્વાદિ મંડપો**

૨૫ પ્રકારના મંડપો કહેલા છે.

(૧) મેરૂં (૨) મન્દાર (૩) કૈલાસ (૪) હિંમતવાન (૫) ગંધમાદન (૬) હેમકૂટ (૭) રત્નકૂટ (૮) શ્વેતશૃંગ (૯) ઈન્દ્રનીલ (૧૦) મહોપદ્મ (૧૧) પદ્મરાગ (૧૨) કીર્તિપતાકા (૧૩) પૂર્ણાખ્ય (૧૪) શતશૃંગ (૧૫) સુરપ્રિય (૧૬) શાન્તિદેહ (૧૭) પુણ્યાત્મા (૧૮) ભૂર્ભુવસ્વ (૧૯) મહાકાન્ત (૨૦) પુઢષાન્ત (૨૧) પ્રતાપ (૨૨) વર્ધન (૨૩) લક્ષ્મીવિલાસ (૨૪) વિજ્ઞેય (૨૫) ત્રૈલોકયવિજય.

❋ **પ્રાગ્ગ્રીવાદિ મંડપો : (સોળ મંડપો)**

(૧) પ્રાગગ્રીવ (૨) ચતુષ્ક (૩) સન્મુખ (૪) સ્ત્રીગજ (૫) શ્રીધર (૬) પુષ્પક (૭) શ્રીપદ

(૮) શ્રીયાનન્દ (૯) સવરાખ્ય (૧૦) પૃથ્વીધર (૧૧) પુણ્યભદ્ર (૧૨) જયન્ત (૧૩) શંકુપર્ણ (૧૪) ગોવિંદ (૧૫) મહાભોગી (૧૬) દિવૌકસ

## ૪.૫.૨ મંડપ ફાલનાધિકાર

મંડપની ફાલના સમચોરસ અર્ધાભાગે કે ચોથા ભાગે કરવો. મૂલપ્રાસાદના કાર્યમાં પીઠ, જંઘા અને મેખલા વગેરે જે પ્રમાણે મંડપમાં હોય તે પ્રમાણે એકસૂત્રે કરવી.

वेदिका पीठरूपै शोभार्भिबहु भिर्यृता ।
विचित्रं तोरणं कुर्यात्तत्र देवस्थितिस्तथा ।।
तोरणस्तंभक्तोतंभा विस्तारे गर्भमानतः ।
भित्तिगर्भप्रमाणेनं तयोर्मध्येऽथवा भवेत् ।।
मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्गभूमिका ।
कुयाद्वै द्वित्रिपट्टेन चित्रपाषर्णजेन वा ।।[१८]

અર્થાત્ અનેક પ્રકારની શોભાવાળી પીઠાદિ સ્વરૂપની વેદિકા કરવી અને તેમાં શોભાયમાન વિચિત્ર તોરણો કરવા તથા દેવમૂર્તિઓ બેસાડવી. વેદિકા ઉપર તોરણના થાંભલાઓ ઉભા કરવા. તે ગર્ભ ગભારાના વિસ્તારે, ભિતિના ગર્ભે અથવા બે સ્તંભોની વચ્ચે જોડીને ઉભા કરવા. દરેક પ્રકારના મંડપોમાં પીઠના અંતમાં રંગભૂમિકા કરી ભોયતળિયામાં વિચિત્ર પટ્ટો કરવો અથવા રંગબેરંગી પાષાણોના ચિત્રપટોથી સુશોભિત કરવી.

વળી, જગતી અને મંડપ ભદ્ર પ્રમાણે નીકળતો કરવો તથા પ્રતોલી કરવાની જગતી પણ ભદ્ર બરાબર નીકળતી કરવી અને તેના અગ્રભાગે પ્રતિહારો કરવા ડાબી-જમણી બાજુએ કરવાના આ પ્રતિહારો મુખ્ય મૂર્તિના વચલા ભાગના પદને છોડીને બંને બાજુએ કરવા.

રાજસેન ચાર ભાગનું કરવું. વેદિકા (જાંઘી) સાતભાગની કરવી, બે ભાગનો આસનપટ્ટો કરવો. તથા કક્ષાસન (કઠેડો) હાથ ઉંચો રહે તેટલો કરવો. આ રચના વિધિ મંડપના અગ્રભાગે શુંડિકાઓના અગ્રભાગે તેમજ પ્રતોલીના અગ્રભાગે જાણવી.

### ❋ પ્રતોલીની ઉંચાઈનું પ્રમાણ

**કનિષ્ઠમાન** નરપીઠના ઉપરથી ઓતરંગના મથાળાં સુધીમાં સાડા દશ ભાગ કરવા અને તેમાં એક ભાગનું રાજસેન, બે ભાગની વેદિકા, અર્ધા ભાગનું આસનપટ, ચાર ભાગનો થાંભલો, અર્ધા ભાગનું ભરણું, એક ભાગનું સરૂં અને દોઢ વિભાગનો પાટડો કરવો. આ છૂટા મંડપમાં બેસવાની વેદિકા તથા કક્ષાસન વગેરેનું માન તથા પ્રતોલીની ઉચાઈનું **કનિષ્ઠમાન** છે.

### ❋ મધ્યમમાન

નરપીઠના ઉપરથી ફૂટ છાજાના મથાળા સુધીમાં સાડા દશ પદ (ભાગ) કરવા. પછી કનિષ્ઠ માનમાં બતાવ્યા પ્રમાણે થરના ભાગો કરવા એટલે મધ્યમ માનની પ્રતોલી કરવી.

## ❋ જયેષ્ઠમાન

નરપીઠના ઉપરથી ભરણીના મથાળા સુધીમાં સાડા દશ પદ કરી તેમાં પૂર્વ પ્રમાણે થરોનાં પદો કરવાં. આ જયેષ્ઠમાનની વિધિ છે. મંડપના તેમજ શણગાર ચોકી (પ્રતોલી) ના અગ્રભાગમાં સોપાનના અગ્રભાગો એકસૂત્રમાં રહે તેવી રીતે સોપાન (પગથીયા) કરવાં. પાટડાની નીચેની ફરકે તથા બંને સ્તંભો વચ્ચે શોભાયમાન તોરણો કરવા.

## ❋ સોપાનપંકિતપ્રમાણ

હાથીના પરિવારયુકત પંકિતબદ્ધ સોપાનોનો સંચય કરવો અર્થાત્ સોપાનની બંને બાજુએ હાથણીઓનો પરિવાર કરવા અને એકસરખા સૂત્રમાં નીચે ઢળતાં પગથીયાની પંકિત કરવી. સોપાન સંચયમાં પાંચ, સાત અથવા નવ પગથીયા કરવાં તે ઉતમ કનિષ્ઠમાન છે. અગિયાર, તેર અથવા પંદર પગથિયાં કરવાં તે મધ્યમાન જાણવું અને એ માન કલિયુગમાં કલ્યાણકર્તા છે. સતર, ઓગણીસ અથવા એકવીસ પગથીયાં કરવાં. તે જયેષ્ઠમાન જાણવું. મંદિરના અંલકરણ વિષયે વિદ્વાનોનો મત છે કે –

મહામંડપોની કુંભી સ્તંભો ઘટ્ટ પલ્લવોથી અલંકૃત કરવી. આઠ, બાર, સોળ, ચોવીસ કે બત્રીસ. દેવાંગનાઓ નૃત્યાદિ ચોસઠ કલાઓયુકત એવા લક્ષણોવાળી સ્તંભે-સ્તંભે કરવી.

મંડપને પહેલો થર ભીટ્ટજાંડબો, કર્ણી ગ્રાસપટ્ટીનું પીઠબંધ ફરતુ પ્રદક્ષિણાએ કરવું. ઉપર કુંભો-કલશને કેવાળના થરોથી શોભાયમાન કરવું. મહાપ્રાસાદ ત્રણ, પાંચ, સાત કે નવભૂમિનો કરવો. સ્વર્ગ જેવાં શાશ્વત પ્રાસાદમાં બ્રહ્મનું મધ્યસ્થાન રમ્ય કરવું.

## ❋ મંડપસ્તંભ

> मूलस्तंभे यदा सूत्रं स्तंभो देयस्तु मंडपे ।
> तदा पुरनृपादीनां यजमानस्य वै जयः ।।[१९]

મંડપોમાં થાંભલાઓ કરવા પરંતુ તે મૂળ પ્રાસાદના સૂત્ર સાથે જો મૂળ સ્તંભનું સૂત્ર મેળવી મંડપના થાંભલાઓ કરવામાં આવે તો નગર અને રાજા વગેરે તથા યજમાનનો સદા વિજય થાય છે.

## ❋ મંડપસ્તંભપ્રમાણ

ઊંચાઈના આઠ ભાગ કરી તેમાં ૧ એક ભાગની કુંભી, ૫ ભાગનો સ્તંભ, અર્ધા ભાગનું ભરણું, અર્ધા ભાગનું સરૂ (શીર્ષ) અને એક ભાગનો પાટ ઉંચો કરવો.

## ❋ સમસૂત્ર પ્રમાણ

કુંભાના એક સૂત્રમાં કુંભી, દોઢિયાના એક મથાળે એક સૂત્રમાં સ્તંભ, ભરણી સાથે એક સૂત્રમાં ભરણું તથા કપોતલી, સરૂ એક સૂત્રમાં કરવું. નીચે એક સૂત્રમાં ફૂટસાદ્ય કરવો. પહોળાઈથી અર્ધી ઉંચાઈમાં વિધિપૂર્વક ઘુંમટ કરવો.

## ❋ સ્તંભની જાડાઈ

સ્તંભોનો વિસ્તાર પ્રાસાદની પહોળાઈના પ્રમાણના દશમા ભાગે, અગિયારમાં ભાગે, બારમા ભાગે, તેરમા ભાગે, ચૌદમાં ભાગે કરવો. પાષાણની મજબૂતીના આધારે યોગ્ય માપ લેવું.

## ❋ સ્તંભના પ્રકાર

પ્રાસાદને અનુરૂપ સ્તંભો પાંચ પ્રકારના થાય છે. (૧) રૂચક (૨) ભદ્રક (૩) વર્ધમાન (૪) અષ્ટાસ્ત્ર (૫) સ્વસ્તિક. રૂચક સ્તંભો ચોરસ, ભદ્રક સ્તંભ ભદ્રસંયુકત, વર્ધમાન સ્તંભો ઉપભદ્રયુકત, અષ્ટાસ્ત્ર સ્તંભો અષ્ટકોણ, સ્વસ્તિક સ્તંભો મથાળે ભદ્રસંયુકત અને અષ્ટકોણ જાણવા. આ પાંચ પ્રકારના સ્તંભો પ્રાસાદોને અનુરૂપ કરવા.

## ❋ સ્તંભકોતરણી

સ્તંભ અષ્ટકોણ, સુંદર ગોળાકાર, ભદ્રસહિત, મૂર્તિઓના રૂપથી અલંકૃત, પલ્લવોસહિત કોતરેલો હોય, ભરણું વેલોથી અલંકૃત, કોતરકામ કરેલું હોય તેમજ કુંભી પણ ભદ્રયુકત તથા શરાઓમાં કીચક અને કિન્નરોનાં સ્વરૂપો કોતરેલાં હોય, આવા સ્તંભો ઘરોની અંદર કરવા સારા નહિ, પરંતુ મંદિરોમાં તે ઉત્તમ જાણવા.

## ❋ જિનના દેવાલયોને મંડપવિધાન

'શિલ્પરત્નાકરઃ'ના ચતુર્થ રત્નનાં શ્લોક ૬૮માં કહ્યું છે કે

जिनाग्रे सोमसर्णं च शुकाग्रे गूढमण्डपः ।
गूढस्याग्रे चतुष्कां वे तदग्रे नृत्यमण्डपः ।।

જિનાલયની ચારે દિશાઓમાં બોતેર, બાવન અથવા ચોવીસ જિનાલય સહિત જિનમંદિર કરવું.

## ❋ બાવન જિનાલયવિધાન

મૂળ પ્રાસાદની કાબી-જમણી બાજુએ સતર-સતર દેરીઓ મળી કુલ **૩૪**, આઠ દેરીઓ આગળના ભાગે અને નવ પાછળના ભાગે તથા એક મૂળ પ્રાસાદ મળી કુલ બાવન જિનાલયો જાણવાં.

## ❋ બોંતેર જિનાલય વિધાન

મુખ્ય પ્રાસાદની ડાબી જમણી બાજુ પચીસ-પચીસ કુલ પચાસ, પાછળના ભાગે અગિયાર, અગ્રભાગે દસ, મુખ્ય પ્રાસાદ મળી, કુલ ૭૨ જિનાલયો જાણવા.

## ❋ બલાનક લક્ષણ

જગતીના વિસ્તારે પદ તજીને પ્રાસાદના રેખામાને, ગર્ભમાને અથવા પદમાને એ માન અને લક્ષણ જાણવા. કનિષ્ઠમાનને ઉત્તમ અને મધ્યમાનને બલાનક કરવું એ શોભાયમાન છે. (૧) વામન

(૨) વિમાન (૩) હર્મ્ય-શાલા (૪) પુષ્કર એ ચાર નામના બલાનક જાણવા.

બલાનક સાત અને નવ ભૂમિ સુધી ઉંચુ કરવું, વિશેષ નહિ. પ્રાસાદના અગ્રભાગે જગતી ઉપર મંડપના મુખ પાસે કરવું.

### ❋ પ્રાસાદ ચતુર્દિક્ષુ રથશાલા

મંડપ ગર્ભગૃહે ડાબી અથવા જમણી બાજુમાં અષ્ટાપદ કરવાં અને ત્રિશાલા ત્રણ પદની ચોકી વચ્ચે બલાનક કરવું.

પ્રાસાદની પશ્ચિમે રથશાલા, દક્ષિણે મઠ અને ઉતરે સૂદશાળા કરવી એમ શ્રી વિશ્વકર્માએ કહ્યું છે.

વાયુકોણમાં કોઠાર, અગ્નિકોણમાં રસોડું, ઈશાનકોણમાં પુષ્પગૃહ, નૈઋત્યમાં પાઠશાળા, પ્રાસાદના અગ્રભાગે આયુધશાળા, પશ્ચિમ દિશામાં જલાશય અને મઠની ઉપરની ભૂમિમાં વિદ્યાવાંચનનો મંડપ કરવો.

### ❋ ઉપાશ્રય વિધાન

પ્રાસાદની ઉત્તરે, દક્ષિણે, પૂર્વે અથવા પશ્ચિમે ક્ષતિઓના નિવાસાર્થે ઉપાશ્રય કરવો અને તે બે ત્રણ ભૂમિવાળો કરવો. મઠ તથા ઉપાશ્રયમાં બે શાળાઓ મધ્યે બે દિવાલમાં ચાર સ્તંભ અને બે પાટડીઓ મૂકવાં, આગળના ભાગે સુશોભિત પટ્ટશાળા કરવી અને તેના અગ્રભાગે પટ્ટશાળાની ઉપર ભૂમિકાઓના મત્તવારણ કરવો.

### ❋ વિશેષ મંડપ

(૧) સુરાલય માટે (૧) મન્દર (૨) મલય (૩) વિશાલ (૪) શ્રીધર (૫) વિજય

(૨) યજ્ઞ માટે (૧) મહેન્દ્ર (૨) વિજય (૩) હેમકૂટ (૪) સુનન્દ (૫) વિમલ

(૩) સભામંડપ માટે (૧) અમર્થો (૨) ભૂધરો (૩) દક્ષો (૪) દેવાક્ષ (૫) ક્ષિતિ ભૂષણ

(૪) ભૂષણાર્થે (૧) વૈષ્ણવો (૨) નન્દન (૩) ચક્ર (૪) નન્દશેન (૫) પદ્મ

(૫) ભોજનાલયે (૧) પુષ્પક (૨) સૂર્યગર્ભ (૩) ચંદ્રભાગ (૪) ચંદ્રક (૫) સુપર્ણ

(૬) પ્રાસાદ માટે (૧) નંદનાથ (૨) ભદ્રજય (૩) જય (૪) વિજય (૫) મંગલ (૬) પૂર્ણ (૭) મહેન્દ્ર (૮) મકરધ્વજ

## ૪.૬ ગર્ભગૃહ

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના તૃતીય અધ્યાયમાં વિશ્વકર્મા ગર્ભગૃહ પ્રમાણ કહે છે કે –

"કુંભિ, કુંભા બરાબર, સ્તંભો ઉદ્‌ગમ બરાબર, ભરણી બરાબર ભરણી, કપોલી બરાબર

શિર્ષક, અને ફૂટ છાંદ્ય પટ્ટ સાથે કરવું. ઉદ્દુબર કુંભા બરાબર કરવો, અર્ધ ભાગે, ત્રીજા ભાગે, ચોથા ભાગે એ ચાર પ્રમાણો ઉદ્દુંબરનાં જાણવા. અત્યુત્તમ ચાર પ્રમાણ છે.

ખુરા બરાબર અર્ધચંદ્ર તેને ઉપર ઉદુમ્બર, ઉદુમ્બરથી અર્ધ, ત્રી ભાગે અથવા, ચોથા ભાગે નીચી ગર્ભગૃહની ભૂમિ રાખવી. સર્વમંડપની ભૂમિ પીઠ બરાબર અને રંગ મંડપની ભૂમિ પીઠના અંતે કરવી. આ રીતે યુકિત અને પ્રયુકિતથી વિધિથી કરવું. જેથી સર્વકામ ફલ આપે. સમસ્ત પ્રાસાદની ગર્ભગૃહ અને ભિતિની વિભકિત જાણવી, ગર્ભ મધ્યે ક્રમે સર્વ દેવો સ્થિત કરવા. ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ, અને અષ્ટાંશ આ પ્રમાણે ગર્ભ અને પ્રાસાદનું એકરૂપ જાણવું.

ગર્ભગૃહ એટલે બ્રહ્મસ્થાન એટલે મધ્યેથી ભિત્તિ સુધી મેખલા કરવી. ગર્ભમધ્યથી પાછળથી ભીતિ સુધી ૨૮ ભાગ કરવા. દરેક મંડલના પદે એકેક દેવનો નિવાસ કરવો.

પ્રથમ મંડલ જે ગર્ભગૃહના મધ્યથી આરંભ થાય છે. તેમાં શિવનું પરમ શ્રેષ્ઠ સ્થાન, ભૂમિનાં મધ્યમાં જેમ મેરૂનું સ્થાન છે તેમ જાણવું. યવ અથવા અર્ધ યવ કિંચિત ઈશાનકોણ, તરફ સ્થાન આપવું. ત્યારપછી મંડલો ઉપર એક સૂત્રમાં સર્વ દેવતાઓ બેસાડવા.

'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' માં ત્રીજા અધ્યાયના ૩૮૮ થી ૪૦૩ શ્લોક સુધી ૨૮ પ્રકારનાં દેવ સ્થાન બતાવેલા છે. એક, બે અથવા ત્રણ આંગળ લાંબો ગર્ભગૃહ કરવામાં આવે **યમચુલ્લી દોષ** થાય છે. ગભારાની અંદર ચાર સ્તંભ આખા અર્થાત ગભારો નાનો હોય તો ચાર ખૂણે થાંભલા મૂકવા અને ઘુંમટ વગેરેથી ગભારો ઢાંકી દેવો અને સુભદ્ર અને પ્રતિભદ્રયુકત ખાંચાવાળો ગભારો કરવો. કારણ કે લાંબો ગર્ભગૃહ દોષકર્તા છે.

## ૪.૭ મંદિર દિવાલ (ભીટ્ટમાન)

ઈટોના મંદિરને ચોથા ભાગે, પાષાણનાં મંદિરને પાંચમા, સાડા પાંચમા અથવા છઠ્ઠાં ભાગે, દારૂ જ એટલે લાકડાના પ્રાસાદને સાતમા ભાગે, સુવર્ણાદિ ધાતુવાળા પ્રાસાદને દશમાં ભાગે દિવાલ જાડી કરવી.

દશ ગજથી ઉપરાંતનો પ્રાસાદ ભ્રમવાળો કરવો, એટલે પ્રાસાદનો ઓટલો પોલો કરી અંદર ફરવાની ભ્રમણી કરવી તથા પ્રાસાદની પહોળાઈના આઠમા, નવમા અને દશમા ભાગે ભ્રમની દિવાલ જાડી કરવી. શાંતિ ઈચ્છતા પુઢષે છત્રીસ ગજથી ચાર ગજ સુધીના પ્રાસાદો ભ્રમણી વગર કરવા. [૨૦]

ભ્રમવાળા પ્રાસાદને દિવાલની વચમાં પ્રાસાદની પહોળાઈનાં પ્રમાણથી દશમા ભાગે ભ્રમણી કરવી અને ભ્રમણીના મધ્યભાગથી ઉત્પન્ન થયેલી રેખાઓ ક્રમ પ્રમાણે સીધી ઉપર જ લઈ જવી.

વીસ ગજથી પચાસ ગજ સુધીનાં પ્રાસાદોને ભદ્રની ઉંચાઈનાં પ્રમાણે ભ્રમણી ની ઉંચાઈ રાખવી. આ યુકિત મોટા પ્રમાણના પ્રાસાદોની ભ્રમણીના ઉદયમાં કરવી.

'शिल्परत्नाकरः' ના તૃતીય રત્નમાં કહયું છે કે

ભ્રમ જાતિના પ્રાસાદોને પ્રાસાદ તથા મંડપ ભ્રમયુકત કરવા અને મંડપનો ભ્રમ થાંભલાઓ વડે કરવો. આ રીતે ભ્રમયુકત પ્રાસાદ તથા મંડપ કરવાથી પુત્ર, પૌત્રાદિની વૃદ્ધિ તથા રાજયપ્રાપ્તિ થાય છે.

### ❋ દીપક મૂકવાનું સ્થાન

મંદિર અથવા ઘરના જમણા અંગમાં દીવો મુકવાનો ગોખલો કરવો. પરંતુ ડાબે અંગે કરવું નહિ. કારણ કે તે સ્વામીનાં સુખને હરણકર્તા છે. પૂર્વભાગે દીવો, પશુઓની વૃદ્ધિકર્તા, વામભાગમાં પશુઓનો નાશકર્તા, પાછળનાં ભાગમાં ધન અને રાજલક્ષ્મી આપનાર તથા ઈશાન કોણમાં મૂકેલો દીવો ધન અને પુત્રનો લાભકર્તા છે.

પ્રાસાદનાં વ્યાસ (પહોળાઈ)ના દશ ભાગ કરી, તેમાના બે, ત્રણ અથવા ચાર ભાગની કોળી કરવી. અથવા પ્રાસાદનાં વ્યાસનાં અર્ધા ભાગે, ત્રીજા ભાગે અગર ચોથા ભાગે કોળી કરવી અને તેના ઉપર શુકનાશ કરવો.

## ૪.૮ શિખરપરિચય

એક જ તલનાં ઉપર ઘણાં શિખરો થઈ શકે છે અને તે બધાનાં નામો તથા જાતો શિખરો ઉપર ચઢાવેલાં ઈંડકો અનુસાર ઉત્પન્ન થાય છે.

છાજાનાં ઉપરના ભાગે પ્રહાર કરવો અર્થાત્ છાજાનો ભાગ બહાર ઢળતો રાખી શિખરનો આરંભ કરી દબાવવો અને એકબીજાથી અર્ધાભાગે પાછાં હઠતાં શૃંગો ઉપર શૃંગો ચઢાવવા તથા પ્રાસાદનાં જે ઉરૂશૃંગ વગેરે શૃંગો તેના ઉપર પણ શૃંગો કરવા અને નીચેના ભાગે છાજુ કરવું.

मूलकर्णे रथादौ वा चैकद्वित्रिक्रमं न्यसेत् ।
नीरन्ध्रे मूलभित्तौ च सांधारे भ्रमभित्तिषु ।।[२१]

અર્થાત્ મૂલકર્ણ (રેખા) અથવા રથાદિ ઉપર ક્રમે એક, બે અને ત્રણ સુધી શૃંગો ચઢાવવા. નીરંધ્ર એટલે ભ્રમ વગરનાં પ્રાસાદનો મૂલભિત્તિએ એટલે ઓસારની અંદરની ફરકે તથા સાંધાર અર્થાત ભ્રમવાળા પ્રાસાદને ભ્રમભિત્તિએ પાયચા ફરક રાખવી એટલે ત્યાં સુધી શૃંગો ચઢાવવા.

સર્વ પ્રકારનાં નિરંધારાદિ, નાગરાદિ, મિશ્રકાદિ, વિમાનનાગરછંદ અને વિમાનપુષ્પકાદિ પ્રાસાદોને ગભારાની સ્થિતિ પહોળી હોય તેના માને ક્રમ અર્થાત શૃંગની સંખ્યા ચઢાવવી, પરંતુ જો ગભારાની અંદર પાયચાની રેખા કરે તો તે મહામર્મનો નાશ કરનારી છે.

એક, બે, ત્રણ ક્રમ એટલે શિખરાં ચઢાવવાં ને તે શિખરનાં પાયચાની રેખા અને ગભારા ફરક સુધી ચઢાવી શકાય છે. પરંતુ જો શિખરનાં પાયચાની રેખા ગભારા કરતાં સાંકડી થાય તો દોષ કરનારી જાણવી અને વિપુલા એટલે વિસ્તારવાળી થાય તો સુખ આપનારી જાણવી.

## ✵ શિખરોની રેખાઓનું માપ

શિખરની રેખાઓની ઊંચાઈ રેખાનાં અથવા દરેક શૃંગ અને ઉરૂશૃંગના પાયચાની પહોળાઈનાં માનથી સવાયી, પહોળાઈનો ત્રીજો ભાગ મેળવી, પહોળાઈથી દોઢી કરવી. આ પ્રમાણે જયેષ્ઠ, મધ્યમ, કનિષ્ઠ માન શિખરની રેખાઓનું જાણવું. શિખરનાં સ્કંધ ઉપર આમલસારો કરવો તે સર્વ કામનાઓનાં ફળને આપનારો છે.

નીચેનાં શૃંગોના મધ્યગર્ભને દબાવતાં બીજા, શૃંગો ચઢાવવા અને તે એવી રીતે ચઢાવવા કે પોતાનાં અંગો સાથે પ્રાસાદશૃંગો ઉપર ચઢાવેલા સ્પષ્ટ વિભકત થયેલા માલૂમ પડે.

સમસ્ત શૃંગોના નીચેના ભાગે વાદ્યયુકત સ્વરૂપો કરવાં તથા શૃંગોની પડખે અને ઉપરની પડખે ડોઢિયાથી જોડેલી શિખરીઓ કરવી.

રેખાનાં કર્ણનો ખુલ્લો ભાગ જો ઉરૂશૃંગોથી દબાવવામાં આવે તો સૂત્રધારને પીડા તથા પ્રાસાદ કરાવનારને મોટો ભય ઉત્પન્ન થાય.

## ✵ ઉરુશૃંગો કરવાનું પ્રમાણ

ભદ્ર ઉપર ઉરુશૃંગો એક થી નવ સુધી કરી શકાય છે. પહેલાં ઉરુશૃંગના પાયચાના તળાચાંથી બીજા ઉરુશૃંગના સ્કંધ સુધી તેર ભાગ કરવા અને નીચેનાં સાત ભાગ સુધી પહેલું ઉરુશૃંગ ઊંચું કરી બીજા ઉરુશૃંગોને દબાવવું.

એક બીજા ઉરુશૃંગોને યુકિતપૂર્વક દબાવવાનું આ પ્રમાણ ઉરુશૃંગના સ્કંધ સુધી જાણવું અને બુદ્ધિમાન પુઢષે આમલસારો પ્રમાણથી બહાર સમજવો. આ પ્રમાણે યુકિતસૂત્રે સુશોભિત કરવાથી સર્વકામનાઓ પૂર્ણ થાય છે.

## ✵ શિખરનાં સ્કંધનું પ્રમાણ

રેખાનાં મૂળમાં દશ ભાગ કરવા અને ઉપરનો સ્કંધ છ ભાગનો કરવો. છ ભાગથી મોટો સ્કંધ કરવાથી દોષકર્તા થાય છે અને પાંચ ભાગથી નાનો કરવામાં આવે તો તે શોભાયમાન થતો નથી. તેથી સર્વ પ્રકારે પ્રમાણથી અધિક સ્કંધ કરવો નહીં. પરંતુ શાસ્ત્રની દષ્ટિથી માન અને પ્રમાણયુકત કરવો. આમ, કરવાથી આયુષ્ય, આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. આમ, એમાં જરાપણ સંશય નથી.

## ✵ શિખરમાં ગોખ, સિંહ, અને શુકનાશનું પ્રમાણ

છાજા ઉપરથી શિખરનાં પહેલા શૃંગના મથાળાં સુધી ગવાક્ષ, બીજા શૃંગનાં મથાળા સુધી માઢરો, ત્રીજા શૃંગનાં મથાળાં સુધી સિંહસ્થાન અને ચોથા સ્થાન સુધી શુકનાશનો સિંહ કરવો. ત્રણે બાજુનાં ભદ્રોનાં ગવાક્ષોમાં દેવતાની મૂર્તિઓ કરવી. આ પ્રમાણે કરેલી રથિકા સર્વ કામને આપનારી છે. પ્રાસાદનાં અગ્રભાગે શુકનાશ અને ત્રણે બાજુનાં ભદ્રો ઉપર એકેક સિંહ કરવો.

છાજાનાં મથાળાથી સ્કંધ સુધી એકવીસ ભાગ કરવા તેમાંના ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ ભાગ સુધીમાં શુકનાશ ઊંચો કરવાનું પ્રમાણ પાંચ પ્રકારે માનેલું છે. આ પાંચ પ્રકારનાં શુકનાશોનાં નામ અનુક્રમે (૧) કુમાર (૨) કપિરૂઢ (૩) નિઘંટ (૪) નિશાચાર (૫) ચંદ્રઘોષ

કોળીના ભાગમાં લંબાઈનાં સૂત્ર એક થી નવ સુધીની વિષમ સંખ્યાએ અર્થાત ૧, ૩, ૫, ૭, ૯ ભાગ સુધી સિંહ એટલે શુકનાશનાં સ્થાનો કરવાં. મંડપમાં સ્તંભ કરવા અને તે પાટનાં મધ્ય ગર્ભે તલાંચા બરોબર કરવા. મંડપનો આમલસારો શુકનાશની બરોબર ઉંચો કરવો. આમલસારો શુકનાશથી નીચો કર્યો હોય તો સારો પરંતુ ઉંચો કરવો સારો નહીં. શૃંગ, ઉરુશૃંગ અને પ્રત્યંગોથી અંડકો (ઈંડકો) ની ગણત્રી બુદ્ધિમાન પુઢષે કરવી તથા પ્રાસાદની શોભા માટે કર્ણ ઉપર તેમજ નવ અંગોના ખૂણાઓ ઉપર તિલક કરવા.

## ૪.૯ પ્રાસાદોનું દ્વારમાન

एकं द्वारं भवेत् पूर्वे द्वितीयैव पमि ।
तृतीयं मध्यद्वार च दक्षिणायां विवर्जयेतः ।। [२२]

પહેલું દ્વાર પૂર્વ દિશામાં, બીજું પશ્ચિમમાં, ત્રીજું મધ્યમાં એટલે કે પૂર્વજોને પશ્ચિમની મધ્ય (ઉત્તર દિશામાં) કરવું અને દક્ષિણ દિશામાં દ્વાર કરવું નહિ.

વળી, શિવ, બ્રહ્મા અને જિનનાં દેવાલયોને ચારે દિશાઓમાં ચાર દ્વાર કરવા અને હોમ શાળા ચાર દ્વારવાળી કરવી તેમજ કોઈક પ્રસંગે રાજાઓનાં પ્રાસાદ અર્થાત્ મહેલને પણ ચાર દ્વાર કરવા.

### ✵ દ્વારમાન નિર્ણય

### નાગરાદિ દ્વારમાન

'शिल्परत्नाकरः', 'દીપાર્ણવ', 'શિલ્પસ્મૃતિ-વાસ્તુવિદ્યાયામ્' માં જણાવ્યા મુજબ એક ગજનાં મંદિરનો દ્વાર સોળ આંગળ ઊંચું કરવું અને ચાર ગજ સુધી સોળ-સોળ આંગળની વૃદ્ધિ કરવી. ચાર ગજથી દશ ગજ સુધી, ચાર દશથી વીસ ગજ સુધી ત્રણ, વીસથી ત્રીસ ગજ સુધી બે અને ત્રીસથી પચાસ ગજ સુધી એક આંગળની વૃદ્ધિ દ્વારમાનનાં પ્રત્યેક ગજે કરવી.

'ક્ષીરાર્ણવ'માં જણાવ્યા મુજબ વિશ્વકર્મા નારદને કહે છે કે નાગરાદિ જાતિનું દ્વારમાન પણ આ જ મુજબ થાય છે.

શિવાલયને જયેષ્ઠ, જિનાલયને કનિષ્ઠ અને બીજા સર્વ દેવતાઓનાં દેવાલયોને મધ્યમ દ્વારમાન કરવું તે સર્વ કલ્યાણકર્તા છે.

### ✵ ભૂમિજાદિ પ્રાસાદદ્વારમાન

એક ગજનાં મંદિરને બાર આંગળ ઊંચું કરવું અને પછી પાંચ ગજ સુધી, ગજે બાર આંગળની

વૃદ્ધિ કરવી. પાંચ થી સાત ગજ સુધી પાંચ આંગળ, સાતથી નવ ગજ સુધી ચાર આંગળ અને નવથી પચાસ ગજ સુધી ગજે બે આંગળની વૃદ્ધિ કરવી. દ્વારની ઊંચાઈના અર્ધા ભાગે દ્વાર પહોળું કરવું, ઊંચાઈના સોળમાં ભાગે અધિક પહોળું કરે તો શુભકર્તા છે. આ દ્વારમાન વાસ્તુશાસ્ત્રનાં જાણકાર વિદ્વાનોએ ભૂમિજાદિ પ્રાસાદોમાં યોજેલું છે.

### ❋ દ્રાવિડપ્રાસાદ દ્વારમાન

એક ગજનાં પ્રાસાદને દ્વારનો ઉદય ૧૦ (દસ) આંગળ કરવો અને પછી છ ગજ સુધી ગજે દશ આંગળની વૃદ્ધિ કરવી. છ ગજથી દસ ગજ સુધી પાંચ અને દશથી પચાસ ગજ સુધી ગજે બે (૨) આંગળની વૃદ્ધિ કરવી. અને તે દ્વારમાનની ઊંચાઈમાં કરવી.

ઊંચાઈના અર્ધાભાગે દ્વાર પહોળું કરવું અને શોભા માટે ઊંચાઈનાં સોળમા ભાગે પહોળાઈમાં વધારવી તે શુભ છે. વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓએ દ્રવિડાદિ પ્રાસાદોમાં આ દ્વારમાન યોજેલું છે.

વળી, શુદ્ર, વૈશ્ય તથા બ્રાહ્મણના ઘરને એકશાખનું તથા હોમશાળા અને અગ્નિકર્મથી આજીવિકા કરનારના ઘરને બે શાખાવાળું દ્વાર કરવું.

જાતિને અનુરૂપ પ્રાસાદો, પ્રાસાદોને અનુરૂપ સમસૂત્રે દ્વારો અને તલછંદાનુસાર દ્વારશાખાઓનાં વિભાગ કરવા.

એક અંગુલ, દોઢ અંગુલ અથવા અર્ધા અંગુલ માનમાં આયાદિ મેળવવા પ્રમાણથી વધઘટ કરવામાં આવતી નથી.

### ❋ દ્વારશાખ વિસ્તારમાન

શિલ્પનાં જ્ઞાતાએ દ્વારની ઉંચાઈનાં માપે શાખાઓની પહોળાઈ કરવી. છઠ્ઠા ભાગે ત્રિશાખા, પાંચમાં ભાગે પંચશાખ, ચોથા ભાગે સપ્તશાખ અને ત્રીજા ભાગે નવશાખ કરવી. આ માન શુભ છે.

### ❋ દ્વારવિભક્તિનિર્ણય

### ત્રિશાખલક્ષણ

चतुर्भागाङ्कितं कृत्वा त्रिशाखां वर्तयेत्तत ः ।
मध्ये द्विभागिकः स्तंभो भागैकेन च निर्गम ः ।। २३

દ્વારશાખમાં ચાર ભાગ કરી ત્રિશાખાઓ કરવી. મધ્યમાં રૂપસ્તંભ બે ભાગનો તથા નિકારે એક ભાગનો કરવો. રૂપસ્તંભની બન્ને બાજુઓમાં એકેક ભાગની પહોળી પત્રશાખા અને ખલ્વશાખા કરવી અને તે સ્ત્રીસંજ્ઞક જાણવી.

પટ્ટ એટલે શાખાનો આગળનો ભાગ બહાર નીકળતો પ્રવેશથી ચોથા અંશે બહાર રાખવો. શાખા અને રૂપસ્તંભ મધ્યે બંને બાજુ શોભા માટે કર્ણિકાઓ કરવી.

શાખની ઊંચાઈના ચોથા ભાગે દ્વારપાલો કરવા અને ડાબી શાખા યમુના દેવી અને દક્ષિણ શાખામાં ગંગાદેવી કરવી. બંને શાખાઓની ડાબી જમણી બાજુએ ગંગા અને યમુના એમનું જોડું કરવું તથા બુદ્ધિમાન શિલ્પીએ ગંધર્વા શાખા નિકાળે એક ભાગની કરવી. તે જ સૂત્રમાં પહેલી ખલ્વશાખા અને એક ભાગની સિંહશાખા કરવી. વામશાખામાં નંદી નામના ગણની મૂર્તિ અને દક્ષિણશાખામાં મહાકાલની મૂર્તિ કરવી. અંતની શાખામાં દક્ષ પ્રજાપતિ કરવા અથવા હાથમાં નિધિકુંભો લીધેલા સુશોભિત દેવતાઓ કરવા.

### ❋ પંચશાખા દ્વારમાન

શાખા વિસ્તારનાં છ ભાગ કરી પંચશાખાનો વિસ્તાર કરવો. દરેક શાખા એક-એક ભાગની અને રૂપસ્તંભ બે ભાગનો કરવો. રૂપસ્તંભનિકાળે એક ભાગનો કરવો પ્રશંસનીય છે. બંને બાજુનાં વામદક્ષિણ ભાગે સ્તંભ તથા શાખાઓનાં મધ્ય ભાગમાં કોણિકાઓ કરવી. બુદ્ધિમાન શિલ્પીઓએ ગંધર્વા શાખા નિકારે એક ભાગની કરવી તેમજ તેના તેજ સૂત્રમાં ખલ્વશાખા તથા સિંહશાખા એકભાગની કરવી. રૂપસ્તંભનિકાળે સવાયો અથવા દોઢો કરવો સારો છે તથા ઊંચાઈના આઠમા ભાગે શાખાનું ઉદર કરવું પ્રશંસનીય છે. આ પંચશાખા છે. (૧) પત્ર શાખા (૨) ગંધર્વ શાખા (૩) રૂપ સ્તંભ (૪) ખલ્વશાખા (૫) સિંહશાખા

### ❋ સપ્તશાખલક્ષણ

શાખા વિસ્તારનાં આઠ ભાગ કરી વિભાગ કરવા. દરેક શાખા એક-એક ભાગની અને વચ્ચેનો રૂપસ્તંભ બે ભાગનો કરવો. વિસ્તારમાં તથા નિકાળે પા (૧/૪) ભાગની કોણિકા કરવી અને રૂપસ્તંભનો નિકાળો દોઢ ભાગ કરવો તે પ્રશંસનીય છે. ગંધર્વાશાખા અને સિંહશાખા નિકાળે એક-એક તથા શેષ શાખાઓ નીકાળે અર્ધભાગે કરવી. (૧) પત્ર (૨) ગંધર્વ (૩) રૂપશાખા (૪) રૂપસ્તંભ (૫) રૂપશાખા (૬) ખલ્વશાખા (૭) સિંહશાખા સિંહશાખા પ્રાસાદનાં કર્ણસૂત્રે રાખવી.

### ❋ નવશાખલક્ષણ

> नवशाखं प्रवक्ष्यामि देवानां दुर्लभं सदा ।
> यत्र विश्राम्यते शंभुस्त्रिदशैः संयुतः सदा ।। [२४]

આ શાખા દેવતાઓને દુર્લભ છે. કારણ કે નવશાખાયુક્ત પ્રાસાદમાં સદાસર્વદા દેવતાઓની સાથે શંભુ વિશ્રામ કરે છે.

સૌ પ્રથમ શાખનાં વિસ્તારનાં અગિયાર ભાગ કરવા. બંને ભાગમાં કોણિકાઓ સાથે બે ભાગનો રૂપસ્તંભ કરવો અને નિકાળે દોઢ ભાગ કરવો અથવા પોણા બે ભાગ રાખવો. બે રૂપસ્તંભો અને બે ગંધર્વશાખા કરવી. પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, રૂપસ્તંભ ત્રીજે, ચોથી ખલ્વશાખા, પાંચમી ગંધર્વશાખા, રૂપસ્તંભ છઠ્ઠી, સાતમી રૂપશાખા, આઠમી ખલ્વ શાખા, નવમી સિંહશાખા, નવ શાખાનાં દ્વારમાનમાં કરવી.

શાખાની જાડાઈનો વિસ્તાર દ્વારનાં પ્રવેશની પહોળાઈના ચોથા, પાંચમા કે સાડાચાર અંશે કરવો.

### ❋ ઉદુંબર પ્રમાણ, ગર્ભગૃહ, મંડપ તલમાન

મૂલકર્ણ (પ્રાસાદની રેખા)ના એકસૂત્રમાં કુંભાની બરોબર ઉદુંબર (ઉંબરો) રાખવો અને શિલ્પી તથા ઉદુંબરની પૂજા કરી નીચે પંચરત્નો મૂકી સ્થાપન કરવો. દ્વારની પહોળાઈના ત્રીજા ભાગે મધ્યમાં મંદારિક કરવો અને તે અર્ધચંદ્રાકારે ગોળ કરવો તથા તેને કમળપત્ર સંયુકત કરવો. અર્ધચંદ્રાકાર મંડપની નીચે જાડંબો અને કણીયુકત કર્ણપીઠ કરવી તથા મંડપની બન્ને તરફ કોણિકા તથા ગ્રાસનાં મુખ કરવા તેમજ ઊંબરાની પડખે જે જાતની શાખાઓ હોય તેના તલરૂપ (તલકડાં) કરવા.

ઊદુંબરની (ઊંબરાની) ઉંચાઈ કુંભા બરાબર કરવી તથા તેના અર્ધાભાગે, ત્રીજા ભાગે, ચોથા ભાગે હીન કરવાથી ક્રમે ઉંબરાની ઉંચાઈનું ચાર પ્રકારનું પ્રમાણ જાણવું. ચારે પ્રમાણનાં ઊંબરાઓ એક-એકથી ઉત્તમોત્તમ છે અને પ્રમાણથી ઊંચાઈમાં ઓછા વધતા કરવાથી દોષકર્તા છે.

### ❋ ઉત્તરંગનું માન

ઉત્તરંગનું માપ તથા ઘાટ વિભાગ ઉદુમ્બરથી સવાયો જાડો ઉત્તરંગ કરવો. તેની ઉંચાઈના એકવીસ ભાગ કરવા. નીચેથી પત્રશાખા, વિશાખા અઢીભાગમાં, માલાધર ત્રણ ભાગ, ડાબી જમણી બંને બાજુ કરવાં. તેમા ઉપર પોણા ભાગની પટ્ટી, ઉભા ફાલનાના ખાંચાઓ પોણા-પોણા ભાગના, છજા ઉપર સાત ભાગની રથિકા, તેના ઉપર એક ભાગનો કંઠ (છાજલી જેવો) તે ઉપર છ ભાગ ઉંચાઈના દોઢીયા ગળામાં ગ્રાસમુખ આ રીતે ઉત્તરંગની ઉંચાઈના ભાગ વિદ્વાન શિલ્પીએ કરવા તેથી સર્વયજ્ઞનું ફળ મળે છે જે દેવ પ્રાસાદમાં પધરાવ્યા હોય તેની મૂર્તિ ઉત્તરંગમાં કરવી.

### ❋ દ્વારશાખા લક્ષણાધિકાર

उक्तमानाधिकं द्वारं धनधान्यविनाशकम् ।
हीनं पीडां प्रकुर्वीत नलिने शत्रुविग्रहम् ।।
स्त्रीरोग न्यूनशाखं च मध्यस्तंभेषु मानतः ।
हीनाः पीडां प्रकुर्वन्ति अधिके तु धनक्षयः ।। [२५]

### ❋ દ્વારચક્ર

સૂર્યનક્ષત્રથી જ નક્ષત્રો ઉત્તરે એનું ફળ લક્ષ્મી-પ્રાપ્તિ તે પછીનાં આઠ અનુક્રમે ફલ ઉદાસ, તે પછીનાં આઠ નક્ષત્રો સુખ ફલ પ્રાપ્તિ, ૩ નક્ષત્ર ઉંબરામાં ગૃહપતિનો નાશ, ૪ દ્વાર મધ્યે, ફલ સુખ, લાભ આ રીતે દ્વાર સ્થાપન કરવું.

### ❋ દ્વારસ્થાપન યોગ

દ્વારસ્થાપન નક્ષત્રોમાં રેવતી, પુષ્ય, જયેષ્ઠા, અનુરાધા, હસ્ત, અશ્વિની, ચિત્રા, સ્વાતિ,

પુનર્વસુ એ નવ નક્ષત્રો અને ગુરૂ, શુક્ર, સોમ, રવિ, બુધ, નંદા, જયા, પૂર્ણા તિથિ દ્વારા સ્થાપન કરવું શુભ છે.

* **દ્વારસ્થાપન વિધિ**

યજમાન પત્ની સહિત સ્નાન કરી નવાં વસ્ત્રો પહેરી, પૂર્વ સન્મુખ બેસી, દીપ પ્રગટાવી, પવિત્રી પહેરીને, આચમન પ્રાણાયામ કરવા. દર્ભ લઈ પાણીથી માર્જન કરવું. મંત્રથી માર્જન કરવું. પછી વિષ્ણુનું ધ્યાન ધરી શાન્તિપાઠ, સ્વસ્તિ પાઠ કરવો ત્યારપછી સંકલ્પ કરવો પછી દ્વારન્યાસ કરવો.

## ૪.૧૦ ઘુંમટ અને રચનાવિધિ

પરમાત્મા સૂક્ષ્મ છે. વ્યાપક છે. આકાશમાં જે બાબતો છે તે બધી જ બાબતો મંદિરમાં સ્થાપિત પરમાત્મામાં છે. પ્રભુ સૂક્ષ્મ છે. શાસ્ત્રો કહે છે – ते अणोरणीयान् અણુ કરતા પણ અણુ છે. પ્રભુને કોઈ સીમા બાંધતી નથી. પરમાત્મા સત્‌રૂપ છે. પરમાત્મા એટલે શુદ્ધ અસ્તિત્વ. આ શુદ્ધ અસ્તિત્વની સૂક્ષ્મતા, અસ્મિતા અને વ્યાપકતાની સૌથી નજીકની કોઈ વાત હોય તો તે આકાશ છે. જેનો આપણે રોજ અનુભવ કરીએ છીએ. તેથી આ 'આકાશ'ની આંગળીએ 'અસ્તિત્વ' સુધી પહોંચવા માટે આકાશનો અર્ધગોળ આકાર મંદિરનાં 'ઘુંમટ' ઉપર જાણે કે મઢી દીધો છે.

જેટલો ઘુંમટ ગોળ તેટલો પ્રતિધ્વનિ સરળ પાછો ફરતો ધ્વનિ શરીરમાં દિવ્યતાનો પ્રવેશ કરાવે છે. આ વર્તુળ પુરૂ થતાં જ વિચારબંધ થાય છે. મન શાંત થાય છે. જયાં સુધી વર્તુળ પુરું થતું નથી, ત્યાં સુધી વિચારોનો કોલાહલ રહે છે. પરંતુ સર્કિટ પૂરી થતાં જ શાંતિનો અનુભવ થાય છે. ધ્વનિનાં અનેક પ્રયોગો પછી આ પ્રાપ્ત થયું છે. અને આ જ અર્થ છે મંદિરના ઘુંમટનો.

* **ઘુંમટ રચનાવિધિ**

क्षेत्रार्धस्य षडंशाः स्युरेकोनाष्टास्त्रमुच्यते ।
कलास्त्रं क्षेत्रषड्भागे षष्ठांशेन च संयुते ।। [२६]

ક્ષેત્રનાં અર્ધનાં છ ભાગ કરવા અને તેમાંથી એક ભાગ છોડતાં બાકી રહેલા પાંચ ભાગનો અષ્ટાસ્ત્ર (અઠાંસ) તથા ક્ષેત્રના છ ભાગ કરી તેમાંના પાંચ ભાગો જોડી છઠ્ઠા એક ભાગની સોળ હાંશ થાય છે.

મંડપ પર અઠાંશ કરી તેના ઉપર સોળ હાંશ કરવી અને પછી ઉપરના ભાગે ગોળાકાર ઘુંમટ કરવો અને તે પહોળાઈનાં અર્ધા ભાગે ગોળાકાર ઊંચો કરવો તથા તેની ઊંચાઈમાં સાઠ ભાગ કરવા.

સાત ભાગની કર્ણદર્દરિકાઓ કરવી અને તે નિર્ગમે (નિકારે) તથા ઊંચાઈમાં સરખી રાખવી. પાંચ ભાગનો રૂપકંઠ કરવો અને નીકારે બે ભાગ રાખવો. સોળ, આઠ, અથવા બાર વિદ્યાધરોથી યુકત ઘુમ્મટ કરવો અથવા ચોવીસ હાથીઓ વડે વિરાજીત ઘુમ્મટ કરવો. વિદ્યાધરો તેમની

પહોળાઈથી સાત ભાગ નીકારે કરવા અને તેમના ઉપર વિચિત્ર રૂપોને ધારણ કરેલી નૃત્ય કરતી શોભાયમાન નાચતી પુતળીઓ કરવી.

પહેલી જગતુલ્યા સાડા છ, બીજી છ ભાગની તથા ત્રીજી સાડા પાંચ ભાગની કરવી અને ત્રણ અથવા પાંચ કોલ કરવા. મંડપની મધ્યમાં વિતાન (અર્ધ ગોળાકાર) કરવું અને તે નાના પ્રકારના ચિત્ર વિચિત્ર રંગોથી શોભાયમાન તા નાટિકાના કથાભાગોને અનુસરતી, સંગીત કરતી, વાદ્યાદિ વગાડતી, નૃત્ય કરતી આકૃતિવાળી પુતળીઓ વગેરેથી ચિત્રિત કરવું.

### ❋ ઘુંમટના થરોનું બીજું પ્રમાણ

ઘુંમટ તેની પહોળાઈના અર્ધા ભાગે ઊંચો કરવો અને તેમાં છાસઠ ભાગ કરવા. તેમાં સાત કર્ણદર્દરી, સોળ વિદ્યાધરોથી યુકત ચાર, ભાગનો રૂપકંઠ, સાડા છ ભાગનું પહેલું ગવાલું, છ ભાગનું બીજું ગવાલું, પાંચ ભાગનું કરવું, ત્રીજુ અને ચોથુ સાડાચાર ભાગનું કરવું. આવી રીતે અનેક વિતાનોથી મંડિત થયેલો ઘુંમટ હંમેશા કરવો.

## ૪.૧૧ સંવરણા (સામરણ વિધાન)

'શિલ્પરત્નાકરઃ' નાં ચતુર્થ રત્નમાં મંડપ તથા મંદિરને સવરણા કરવાનું વિધાન કરેલું છે. પહેલું સામરણ પાંચ ઘંટાવાળું કરવું અને પછી ચાર-ચાર ઘંટાઓ વધારી એકસોને એક ઘંટાઓ સુધી વૃદ્ધિ કરવી. પહેલું સામરણ આઠ ભાગનું કરવું અને ત્યારપછી ચાર-ચાર ભાગની વૃદ્ધિ એકસોને ચાર ભાગ સુધી કરવી. આ પ્રમાણે વૃદ્ધિ કરવાથી પચીસ પ્રકારનાં સામરણો થાય છે.

### ❋ પચ્ચીસ પ્રકારની સંવરણા

(૧) પુષ્પિકા (૨) નંદિની (૩) દશાક્ષા (૪) દેવ સુંદરી (૫) કુલતિલકા (૬) રમ્યા (૭) ઉદ્ભિન્ના (૮) નારાયણી (૯) નલિકા (૧૦) ચંપકા (૧૧) પદ્મા (૧૨) સમુદ્ભવા (૧૩) ત્રિદશા (૧૪) દેવગાંધારી (૧૫) રત્નગર્ભા (૧૬) ચૂડામણિ (૧૭) હેમકૂટા (૧૮) ચિત્રકૂટા (૧૯) હિમા (૨૦) ગંધમાદની (૨૧) મંદરા (૨૨) મેદિની (૨૩) કૈલાસા (૨૪) રત્નસંભવા (૨૫) મેરૂકૂટા

આ જ વિષય 'શિલ્પસ્મૃતિવાસ્તુ વિદ્યાયામ્'માં પણ અધ્યાય ૫માં બતાવેલી છે.

### ❋ સંવરણાવિકાર

| ક્રમ | નામ | વિભકિતભાગ | ઘંટિકા | કૂટ | સિંહસંખ્યાનું કોષ્ટક |
|---|---|---|---|---|---|
| ૧ | પુષ્પિકા | ૮ | ૫ | ૧૬ | ૮ |
| ૨ | નંદિની | ૧૨ | ૯ | ૪૮ | ૧૨ |
| ૩ | દક્ષાશા | ૧૬ | ૧૩ | – | ૧૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | દેવસુંદરી | ૨૦ | ૧૭ | - | ૨૦ |
| ૫ | કુલતિલક | ૨૪ | ૨૧ | - | ૨૪ |
| ૬ | રમ્યા | ૨૮ | ૨૫ | - | ૨૮ |
| ૭ | ઉદભિન્ના | ૩૨ | ૨૯ | - | ૩૨ |
| ૮ | નારાયણી | ૩૬ | ૩૩ | - | ૩૬ |
| ૯ | નલિકા | ૪૦ | ૩૭ | - | ૪૦ |
| ૧૦ | ચંપકા | ૪૪ | ૪૧ | - | ૪૪ |
| ૧૧ | પદમા | ૪૮ | ૪૫ | - | ૪૮ |
| ૧૨ | સમુદ્ભવા | ૫૨ | ૪૯ | - | ૫૨ |
| ૧૩ | ત્રિદશા | ૫૬ | ૫૩ | - | ૫૬ |
| ૧૪ | દેવગાંધારી | ૬૦ | ૫૭ | - | ૬૦ |
| ૧૫ | રત્નગર્ભા | ૬૪ | ૬૧ | - | ૬૪ |
| ૧૬ | ચુડામણિ | ૬૮ | ૬૫ | - | ૬૮ |
| ૧૭ | હેમરત્ના | ૭૨ | ૬૯ | - | ૭૨ |
| ૧૮ | ચિત્રકૂટા | ૭૬ | ૭૩ | - | ૭૬ |
| ૧૯ | હિમા | ૮૦ | ૭૭ | - | ૮૦ |
| ૨૦ | ગંધમાદની | ૮૪ | ૮૧ | - | ૮૪ |
| ૨૧ | મંદરા | ૮૮ | ૮૫ | - | ૮૮ |
| ૨૨ | મેદિની | ૯૨ | ૮૯ | - | ૯૨ |
| ૨૩ | કૈલાસા | ૯૬ | ૯૩ | - | ૯૬ |
| ૨૪ | રત્નસંભવા | ૧૦૦ | ૯૭ | - | ૧૦૦ |
| ૨૫ | મેરૂકૂટા | ૧૦૪ | ૧૦૧ | - | ૧૦૪ |

આ રીતે મંડપનાં ક્રમ વિભક્તિ ભાગથી જુદા-જુદા અંગ ભદ્ર, પ્રતિરથાદિના નીકાળા થાય છે. એ રીતે ક્રમે-ક્રમે યુક્તિથી મેરૂકૂટ સુધીની સંવરણા ચડાવવી.

## ૪.૧૨ મંદિરના જુદા-જુદા પ્રકારો અને તેની રચનાવિધિ

દેવાધિદેવ પરમાત્માની કૃપાથી દેવાદિ સમાજે યજ્ઞમંડપો દ્વારા કરેલી પૂજા સંસારમાં પ્રાસાદોનાં નામે વિખ્યાત થઈ અને પ્રાસાદોની વૈરાજયાદિ સર્વ નામે વિખ્યાત થઈ અને સર્વ જાતિઓ ઉત્પન્ન થઈ.

> वैराज्यपुष्पकैलासमणिपुष्पत्रिविष्टपाः ।
> इषुभैदै समुत्पन्नाः प्रासादास्सर्वकामदाः ।। [२७]

વૈરાજય, પુષ્પ, કૈલાસ-મણિપુષ્પ (મણિક) અને ત્રિવિષ્ટપ, આ પાંચ પ્રાસાદો બ્રહ્માના વચનથી દેવોની પૂજા વડે ઉત્પન્ન થયા અને તે સર્વ કામનાઓને આપનારા છે. તે અવાન્તરભદે

(૧) વૈરાજયાદિ ૫૮૮

(૨) પુષ્પકાદિ ૩૦૦

(૩) કૈલાસાદિ ૫૦૦

(૪) મણિપુષ્પકાદિ ૧૫૦

(૫) ત્રિવિષ્ટિપાદિ ૩૫૦

❋ **પ્રાસાદની ચૌદ જાતિ**

> नागरा द्रविडौव लतिनाश्च विमानका ।
> मिश्रकाश्च वराटाश्च सान्धाराभूमिनास्तथा ।।
> विमान नागरच्छंदा विमान पुष्पकाथवा ।
> वल्लभा फांसनाकारा सिंहावलोका रथरूहा ः ।। [२८]

(૧) નાગરાદિ (૨) દ્રવિડાદી (૩) લતિનાદિ (૪) વિમાનાદિ (૫) મિશ્રકાદિ (૬) વરાટાદિ (૭) સાન્ધારાદિ (૮) ભૂમિજાદિ (૯) વિમાનાનાગરાદિ (૧૦) વિમાનપુષ્પકાદિ (૧૧) વલ્લભાદિ (૧૨) ફાસનાકારાદિ (૧૩) સિંહાવલોકનાદિ (૧૪) રથારૂહાદિ – એમ પ્રાસાદની ચૌદ જાતિ જાણવી.

તેમાં પ્રથમ આઠ પ્રાસાદો શુદ્ધ છંદના કીર્તિદાયક છે. દેશ, જાતિ, કુલ, સ્થાન, વર્ણ, ભેદે સ્થાપવા.

➢ દેવતાઓ પછી દાનવોમાં મહોત્સવ સાથે પૂજા કરી તેથી સ્વસ્તિક, સર્વતોભદ્ર, વર્ધમાન, સૂત્રપદ્મ અને મહાપદ્મ આ પાંચ દ્રવિડકર્મોથી પૂજાયેલા ઉત્તમ પ્રાસાદો ઉત્પન્ન થયા. અવાન્તર ભેદે કરી એકેક માંથી બીજા સો-સો પ્રાસાદ ઉત્પન્ન થયા કુલ ૫૦૦ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ ગંધર્વો એ પાંચ મહોત્સવો વડે પૂજા કરી તેથી રૂચક, ભવ, પદ્માક્ષ, મલય, વજક, લતિનાદિ પાંચ પ્રસાદો ઉત્પન્ન થયા. એમા કુલ બીજા અવનાન્તર ભેદે ૨૫ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ પાંચ મહોત્સવ વડે અષ્ટવસુઓએ પૂજા કરી, તેમની પૂજાથી વરાટ, પુષ્પક, શ્રીપુંજ, સર્વતોભદ્ર અને સિંહ આ પાંચ પ્રાસાદો વરાટાદિ પ્રાસાદો કુલ અવાન્તર ભેદે ૧૧૨ થાય છે.

➢ પાંચ મહોત્સવ વડે યક્ષોએ પૂજા કરી તેથી વિમાન, ગરૂડ, ધ્વજ, વિજય, ગંધમાદન પાંચ વિમાનાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા અવાન્તરભેદે ૫૨૫ પ્રકારનાં વિમાનાદિ પ્રાસાદો જાણવા.

➢ ત્યારપછી સર્પોએ (નાગલોકોએ) પૂજા કરી, કેશરીનંદન, મંદાર, શ્રીવૃક્ષ, ઈન્દ્રનીલ અને રત્નકૂટ નામના ભ્રમસંયુકત પાંચ પ્રાસાદો ઉત્પન્ન થયા. આ પાંચમાંથી મુખ્ય ૨૫ પર્વત પ્રાસાદો ઉત્પન્ન થયા. અવાન્તરભેદે ૧૨૫૦ સાંધારાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ પાંચ મહોત્સવ વડે વિદ્યાધરોએ પૂજા કરી અને તેથી અનેક રૂપોવાળા ૧૧૮ મિશ્રકાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ પૃથ્વીપતિ મહારાજાઓએ પાંચ મહોત્સવથી પૂજા કરી તેથી ભૂમિજાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા ચોરસ, ગોળાકાર, અઠાંશ એમ ત્રણ પ્રકારે કુલ ૬૨૫ થયા.

➢ દિવ્ય તેજવાળા સૂર્યનારાયણે પૂજા કરી તેથી વિમાન-નાગરાદિ છંદ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ પાંચ મહોત્સવથી યુકત ચંદ્રની પૂજાથી વિમાનપુષ્પાકાદિ સર્વકામનાઓને પૂરી કરનારા પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ ગૌરીએ પૂજન કરવાથી વલ્લભ્યાદિ સ્ત્રીજાતિ પ્રાસાદો ઉત્પન્ન થયા.

➢ હરસિદ્ધિ આદિ દેવીઓએ પૂજાથી સિંહાવલોકન નામના ભુવનમાં કાષ્ઠથી બનતા પ્રાસાદો દારૂજાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા. આ સ્ત્રીજાતિના છે.

➢ દેવો તરીકે ગણાતા પિશાચ અને ભૂતાદિગણોએ યાગોત્સવમાં મહોત્સવપૂર્વક પૂજા કરી તેથી બે પ્રકારનાં પ્રાસાદો ઉત્પન્ન થયા, ફાંસનાદિ, નપુંસકાદિ તે સ્ત્રીલિંગ અને નપુસંકાલિંગના છે.

## ✵ મંદિર રચના વિધિ

> चतुः षष्टिपदं कार्यं देवतायतनं सदा ।
> द्वारं च मध्यमं तस्मिन् समदिवस्थं प्रशस्यते ।। [२९]

દેવાલયોમાં ચોસઠ પદનું વાસ્તુ કરવું. મધ્યમ દ્વાર ચાર પ્રશસ્ત દિશાઓમાંથી એકમા હોય તે શુભ છે. દેવાલયનો જેટલો વિસ્તાર હોય તેનાથી બમણી એની ઉંચાઈ રાખવી, ઉંચાઈનો ત્રીજો ભાગ કોટ કહેવાય છે. પગથિયાથી ઉપર જયાંથી મંદિરનો આરંભ થાય છે. તે કોટ કહેવાય છે. વિસ્તારથી અડધો ગર્ભનો ભાગ રાખવો. ગર્ભનાં ચોથા ભાગ જેટલું દ્વાર રાખવું. દ્વારની પહોળાઈથી બમણી દ્વારની ઊંચાઈ રાખવી.

દ્વારની ઊંચાઈના ચોથા ભાગ જેટલી જ શાખા અને ઉંબરાની પહોળાઈ રાખવી. શાખાનાં ચોથા ભાગ જેટલી એની જાડાઈ રાખવી. શાખાઓની પહોળાઈની વચમાં ત્રણ, પાંચ, સાત, નવ એવી શાખાઓ હોય તો દ્વાર શ્રેષ્ઠ ગણાય છે. દ્વારની ઊંચાઈનાં સાત આઠમાંશ ભાગ પીઠ અને પ્રતિમાની ઉંચાઈ ગણાય. આ ઊંચાઈમાં બે ભાગ પ્રતિમા અને એક ભાગ પીઠ ગણવી.

## ૪.૧૩ મંદિરનું મહત્ત્વ

कृत्वा प्रभूतं सलिलमारामान् विनिवेश्य च ।
देवतायतनं कुर्याद्यशोधर्माभिवृद्धये ।। [३०]

પોતાના યશ અને અભિવૃદ્ધિ માટે પ્રત્યેક વ્યકિતએ અખૂટ જળનાં જળાશયો અને ઉપવનોનાં નિર્માણ પછી દેવમંદિરોનું નિર્માણ કરવું કારણ કે- "યજ્ઞ વગેરે ઈષ્ટકર્મ કરવાથી તેમજ જળાશયોનાં નિર્માણથી જે દિવ્યલોકની પ્રાપ્તિ થાય છે એથી દ્વિગુણીત પ્રાપ્તિ દેવમંદિરોના નિર્માણથી કોઈપણ વ્યકિતને થાય છે.

### ❋ સામાજિક વિષમતાને દૂર કરે છે.

મંદિર એ ઋષિમુનિઓએ ઊભી કરેલી પરમોરચ વાત છે. સમાજમાં રહેલ વિવિધ વિષમતાઓને ભકિતનાં માધ્યમથી દૂર કરવા ઋષિઓએ મંદિરની રચના કરી.

સમાજમાં બૃદ્ધિ, સંપત્તિ, કલા, શિક્ષણ, સ્વભાવ વગેરેને કારણે વિષમતા રહેવાની. વળી, પુર્નજન્મના સિદ્ધાંત મુજબ પણ પુર્નજન્મના પરિપાક પ્રમાણે બે વ્યકિતની પરિસ્થિતિમાં ફેર રહેવાનો. માનવે અપનાવેલ વિવિધ અર્થોપાર્જનનાં રસ્તાને કારણે અર્થોપાર્જનનાં તેની આર્થિક સ્થિતિમાં પણ ફરક રહેવાનો. આ વિષમતાને લીધે માનવમાં ઊંચનીચનો ભેદ પોષાવાનો, એકબીજા માટે રાગદ્વેષ રહેવાના. આમ, સામાજિક, શૈક્ષણિક, આર્થિક વગેરે કારણોસર વિષમ પરિસ્થિતિ તો રહેવાની. પરંતુ આ વિષમ સ્થિતિ હોવા છતાં વિષમભાવ ન રહે, ભેદભાવ કે સ્થિતિભેદ ન રહે એવું સંભવી શકે ખરૂ? આ પ્રશ્નનાં ગહનમંથનમાંથી જે પ્રગટયું તે મંદિર !

આથી જયાં ગરીબ-તવંગર, અભણ-વિદ્વાન, ઊંચ-નીચ, વગેરે સમાન છે, સૌનો સર્જક, જગતનો તાત એક જ છે. Divine Relation નો સંબંધ જયા સ્થાપી શકાય છે. આ મંદિરના નિર્માણથી શકય બને છે.

દિવ્ય સંબંધની વાત જે સ્થાને જાણી શકાય, પાકી કરી શકાય, અનુભવી શકાય તે સ્થાન એટલે મંદિર.

### ❋ ઉપાસના-ભકિતની અમૃતસરવાણી વહેતી થાય છે.

ભગવાનની ઉપાસના-પૂજામાં મુનષ્યની પાંચયે ઈન્દ્રિયો પવિત્ર બને છે. દર્શનની ઝંખનામાં ઉભેલ ભકતની નજર સામે પડદો ખૂલે ને ભગવાનનાં દર્શન થાય છે. ત્યારે તેની દષ્ટિ પવિત્ર બને છે.

મૂર્તિનું રૂપ જોઈને દર્શકની દુન્યવી બધી વાસનાઓ વૃત્તિઓ બંધ થઈ જાય છે અને ધ્યાનમાં આત્મનિરિક્ષણ માટે તે ડૂબકી મારે છે. મંદિરમાં થતો ઘંટનાદ અને દેવ સાથે સંકળાયેલી પ્રાર્થનાઓ સાંભળી કાન પવિત્ર બને છે. ભગવાનની થતી પૂજા, મંત્ર-ઉપચાર, ધૂપ-દિપ, નૈવેદ્ય, સ્તુતિ દ્વારા ભિન્ન-ભિન્ન અંગોનું ઉર્ધ્વીકરણ થાય છે. ચંદનલેપથી સ્પર્શેન્દ્રિયનું, સુગંધથી ઘ્રાણેન્દ્રિયનું, તેમજ નૈવેધ પ્રસાદ આરોગવાથી સ્વાદેન્દ્રિયનું ઉર્ધ્વીકરણ થાય છે. મંદિરમાં મૂર્તિનાં દર્શન પછી ભકતે એક શાંત જગ્યાએ બેસી ધ્યાન કરવાનો રિવાજ છે. કારણકે મંદિરનાં દિવ્ય વાતાવરણમાં તેની ઈન્દ્રિયોની ભૌતિક વિષયો તરફની દોટ હવે બંધ થઈ ગઈ, મન શાંત થઈ ગયું. ભગવાનની ભુવન મોહિની, મૂર્તિમાં મન લાગી ગયું એટલે જ કહ્યું છે કે "મનને સ્થિર કરે તે મંદિર." મંદિરની આ આધ્યાત્મિક ભૂમિકા છે. મંદિરએ ભગવાનનું સદન છે. ભકત મંદિરમાં આવે છે તે ભગવાનનું દર્શન સારી રીતે કરી શકે, તેનું રૂપ આંખો દ્વારા મન ભરીને માણી શકે, અંતરમાં ભરી શકે તે હેતુ મુખ્યપણે રહ્યો છે.

ભગવાન સ્વામિનારાયણની વિશ્વને મોટી દેણ હોય તો તેમણે સ્થાપિત કરેલી મંદિર વિભાવના છે. મંદિર પરંપરા તેમણે સ્થાપી ન હોત તો? - આજે શુદ્ધ, વૈદિક ઉપાસનાનો વિકાસ શૂન્યવત્ થઈ ગયો હોત. તેમણે વચનામૃતમાં કહયું છે કે મંદિરો હશે તો જ ઉપાસના રહેશે. માટે ત્યાગનો પક્ષ મોળો કરીને પણ અમે મંદિરો બાંધ્યા છે. મંદિરો દ્વારા જ ભકિત ફૂલે છે, ખીલે છે.

### ✵ પર્વ-ઉત્સવોની પરંપરા જીવંત કરે છે.

મંદિરો એ ધર્મ તેમજ સાંસ્કૃતિક જીવનનાં કેન્દ્રો છે તેમણે મંદિરો દ્વારા કળાને પોષી છે. સંગીતને પોષ્યું છે, ઉત્સવોને પોષ્યા છે. જન-જનનાં હૃદયને એક કર્યા છે. મંદિરો જીવન-મંદિર નિર્માણ કરવાની એક અદકી ભૂમિકા ભજવે છે. મંદિરોમાં જન્માષ્ટમી, વિજયાદશમી, રામનવમી, શરદોત્સવ, દિવાળી અને અન્નકૂટ, પ્રબોધિની એકાદશી, પુષ્પોદોલોત્સવ, રથયાત્રા, ગુરૂપૂર્ણિમા, પુરૂષોત્તમ માસ નિમિત્તે થતાં જુદા-જુદા દર્શનો વગેરે સમયે દૂર-દૂરથી ભકતો અગાઉથી ગામેગામ સંતો અને હરિભકતોને નિમંત્રણ મોકલવામાં આવતા. લોકો પણ ભાવવિભોર બની દર્શનનો લાભ લઈ વચનામૃત પણ સાંભળતા નવા સંતમંડળોની રચના અને એમના કાર્યક્ષેત્રના વિસ્તારની વહેંચણી પણ અહીંથી જ થતી અને સંતો-હરિભકતો માટે આચાર-વિચારનાં નિયમો, સિદ્ધાંતો તેમજ પ્રણાલિકાઓ અહીં જ નકકી થતી. આમ, આવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોની ભાવાત્મક એકતા દઢ થતી. ઉત્સવો દ્વારા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પ્રવેશેલા દૂષણો અને પાખંડો સામે સમસ્ત સમાજને જાગૃત કરી શકાય છે.

અસંખ્ય લોકો આ દ્વારા ઊંચું અને સંસ્કારી નીતિમય જીવન જીવવા લાગે છે.

મંદિરોમાં થતી શાસ્ત્રકથાઓ, જ્ઞાનવાર્તાઓ, પૂજાવિધાનની નિર્મળતા દ્વારા વ્યકિતનું સ્વત્વ ખીલે છે.

શ્રી રામકૃષ્ણને એક યુવકે પૂછયું "ઈશ્વરની ઉપાસના કરવા માટે કોઈએ મંદિરમાં શા માટે જવું જોઈએ?" ત્યારે તેને જવાબ આપતાં શ્રી રામકૃષ્ણએ કહયું કે "गाय का दूध वास्तव में उसके

समूचे शरीर मे व्याप्त है, पर उसके कान या सींगो को दबाने से तुम्हे दुध नहीं मिलेगा, दूध के लिए तो थनो को ही निचोडना पडेगा । इसी भाँति, ईश्वर तो पूरे ब्रह्मांड मे व्याप्त है, पर तुम उन्हे हर जगह नहीं देख पाओगे । पावन तीर्थों और मन्दिरो में, जहाँ युग-युग के साधक-भक्तों के साधन-भजन, पूजा-उपासना आदि के फलस्वरूप भक्तिभाव धनीभूत रूप में ओत-प्रोत है, भगवान का विशेष प्रकाश विद्यमान है ।'' [३१]

મંદિરમાં જેવી રીતે નિર્માણ કરતી વખતે માંચડાને બાંધવામાં આવે છે પછી તે પૂર્ણ થયા પછી કાઢી નાખવામાં આવે છે તેવી જ રીતે ઉપાસના એવી થવી જોઈએ કે પછી મૂર્તિનું મહત્વ ન રહેતાં સાધક પોતાના મનને વશીભૂત કરીને ઈશ્વરને પોતાનામાં જ સ્થાપિત કરી લે છે અને પોતાના ઈષ્ટદેવની ઉપાસના અંતરંગ ભાવથી કરે છે. આ અવસ્થામાં તે યોગી બની જાય છે અને અંતરમાં ઈશ્વરની સાક્ષાત અનુભૂતિ થાય છે.

**✵ કલાકોતરણીથી ભરપૂર શિલ્પસ્થાપત્યનો વારસો જળવાઈ રહે છે.**

મંદિરોની પથ્થરકળા અને કાષ્ઠકળા બંનેનાં ઉત્તમ નમૂનાઓ મંદિરોમાં જોવા મળે છે. શ્રીહરિનાં મંદિરોનાં પહોળા પગથિયા, પહોળી પ્રદક્ષિણા, તોરણ, મંડોવર, ઘુંમટ, નૃત્યમંડપ, દર્શનમંડપ, કોળીમંડપ, ગર્ભગૃહ, સિંહાસન, મૂર્તિઓ, રૂપકળા, શિખર-કળશ, ધ્વજ સ્તંભ, વગેરે. આમ, સર્વાંગ સૌંદર્યથી ભરપૂર મંદિરો સમાજમાં નવી જ ભાત પાડે છે. કાષ્ઠનાં સ્તંભો, કુંભીઓ, સરા, ભરણા, ઝરૂખા, કઠેડા, મહેલ અને છત પણ કોતરકામથી ભરપૂર જોવા મળે છે.

મંદિરોનાં બાંધકામમાં કલાકારોએ પોતાનો પ્રાણ પૂર્યો છે. જે જગ્યા પરથી જીવનનું સંગીત સાંભળવાનું છે, જે સ્થાન પર જીવનનાં પરમ ધ્યેયને પ્રાપ્ત કરવાનાં પાઠ મળવાના છે, તે સ્થાનનું મહત્ત્વ પ્રત્યેક કલાકારનાં હૃદયસિંહાસન પર હતું. તેથી મંદિરોનાં સર્જનમાં કલાકારોએ જે કલા દર્શાવી છે તે ભાવથી દર્શાવી છે અને તેથી જ જડ પથ્થરોમાં કોતરેલી શિલ્પકૃતિઓ આજે પણ આપણને જીવંત લાગે છે.

કયા ખૂણામાંથી, કેટલી માત્રામાં કરેલ ધ્વનિઉચ્ચારણ કેવો પડઘો પાડશે અને તેનાથી કેવાં વિદ્યુતમય વર્તુળ ઉભા થશે તેનું શાસ્ત્ર મંદિરનું બાંધકામ કરનાર 'આર્કિટેક્ટો' જાણતા હતા. એકલા ઉચ્ચારણમાં આવેલા ધ્વનિનો આઘાત અને સમૂહમાં ઉચ્ચારેલ ધ્વનિનો આઘાત બંનેમાં ફરક પડે છે. તે તેઓ જાણતા હતા. જેટલી તીવ્રતાથી ધ્વનિનું ઉચ્ચારણ કરવામાં આવે તેટલી જ તીવ્રતાથી ધ્વનિનો પડઘો પડે તેવું બાંધકામ તેઓ કરી શકતા હતાં.

ભારતમાં વાસ્તુકલાનાં આવા નિષ્ણાંત કલાકારો હતા. તેણે ધ્વનિની શકિતનો સાધનામાં ઉપયોગ કરવાની વિશિષ્ટ શકિતને ધ્યાનમાં રાખી મંદિરોની રચના કરી હતી. મંદિરનું બાંધકામ એક શાસ્ત્રીય પ્રક્રિયા છે. ધ્વનિનાં માધ્યમ દ્વારા આપણામાં રહેલી ચેતનાને જગાડવાનું સરળ શી રીતે થઈ શકે તે ધ્યાનમાં રાખી મંદિરોનું સર્જન સ્થાપત્યકારોએ કર્યું હતું.

## ❋ ચિત્ત એકાગ્રતા દ્વારા માનસિક તણાવમાંથી મુકિત મેળવી શકાય

આ એ સંસ્કૃતિ છે જેણે શબ્દને બ્રહ્મ કહ્યો છે. શબ્દની અલૌકિક શકિતનાં જ્ઞાતા આ દેશમાં હતાં. મંદિરમાં સ્વાધ્યાય, વેદઘોષ, મંત્રઘોષ, આરતી-ગાન વગેરે દ્વારા વિશેષ ધ્વનિ તરંગો નિર્માણ થતા પણ સાથોસાથ રાગ અને રાગિણીઓના શાસ્ત્રીય સંગીત દ્વારા પણ ધ્વનિ મોજાઓ નિર્માણ થતા કે જે વાતાવરણને સુખદ અને આનંદમય બનાવી દેતા. ખરું પૂછો તો, પ્રભુ સમક્ષ જે સંગીત પીરસ્યુ અને પ્રભુ માટે જે સંગીત પ્રગટયું, તે ભકિતસંગીત મંદિરનાં વાતાવરણને ભાવમયતાથી એવું તો ભરી દેતુ કે ત્યાં પ્રવેશદ્વારનાં રૂવે-રૂવે ચેતનાની ચિનગારીઓ પ્રગટી ઉઠતી, અને આ ચેતના જ તેના જીવનને એવી પુષ્ટિ આપતી કે તેની તંદુરસ્તીને હાનિ થવાનો પ્રશ્ન જ ઉઠતો નહીં.

ટૂંકમાં આ બધી બાબત ઉપરથી એ ફલિત થાય છે કે સ્વાસ્થ્ય અને અસ્વાસ્થ્ય, ધ્વનિનાં વિશેષ તરંગો પર નિર્ભર રહી શકે છે. આ વિશેષ તરંગો દ્વારા નિર્માણ થતું વર્તુળ વધુ બારીબારણા ન હોવાને કારણે ભકત ચિત્ત એકાગ્ર પણ કરી શકતો હતો.

મંદિર આપણા માટે સતત પ્રેરણાનો સ્ત્રોત બની રહે છે. મંદિર આપણને એ સ્મરણ કરાવે છે કે જીવનમાં ઘર-દુકાન, સ્ત્રી, બજાર એ બધા સિવાય પણ એક વિશેષ સ્થાન છે. જયાં ચિરંતન શાંતિ છે, જગતમાં અને જીવનમાં જયારે કંટાળીએ ત્યારે આ એક એવું અનન્ય શરણ છે. જયાંથી આશ્વાસન અને નવચેતના પ્રાપ્ત કરી શકાય છે. મંદિર એ શરીર અને મનને તંદુરસ્ત કરનારી પાઠશાળા હતી. મંદિરની પાઠશાળામાંથી માનવને આંતરિક અને આધ્યાત્મિક સમૃદ્ધિનાં એવા ખજાના લાધતા કે અસલનાં માનવને મનમંદિર જ તેનું સર્વસ્વ હતું.

મંદિરનું પોતાનું એક વિદ્યુતમય વાતાવરણ હતું. એ જીવંત વાતાવરણનો સમગ્ર ગામ માટે ઉપયોગ થતો ગામની પવિત્રતા, નિર્દોષતા એ મંદિરનાં તેજસ્વી સ્પર્શને કારણે ટકી રહેતી. પવિત્રતા અને ઓજસના ઝરણાં મંદિરોમાંથી સતત વહેતા રહેતા.

જેવી રીતે આત્મા હૃદયરૂપી આકાશગુફામાં કુંડલિની શકિતથી જાગૃત રહે છે. તેવી જ રીતે પરમાત્મા ગર્ભગૃહમાં જુદા-જુદા પ્રકારે રહે છે. જેમ કે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમયકોશ, પ્રાચીન ૠષિમુનિઓએ દઢતાપૂર્વક કહયું છે કે, ગર્ભગૃહ મંદિરનો પ્રધાન ભાગ છે તેમજ ગોપુર અથવા સિંહદ્વારને કમશઃ પરમ સત્તાની અનુગ્રહ શકિત અને ઈશ્વરની સાકારમૂર્તિનું પ્રતીક માનવામાં આવે છે.

જયારે ભકત મંદિરનાં મુખ્ય દ્વારમાં પ્રવેશ કરે ત્યારે તેને એવી અનુભૂતિ થવી જોઈએ કે તે નશ્વર શરીર નહીં પરંતુ શરીરની અંદર વાસ કરવાવાળા આત્મા છે અને ભકતનું ધ્યાન કેન્દ્રિત થાય છે. ભદ્રપીઠ પર જયાં બલિપીઠ પર પોતાની દૈહિક વાસનાઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા)ની બલિ ચઢાવવી જોઈએ.

આમ, વાસ્તુશાસ્ત્ર આધારિત મંદિરની રચનાથી જેનાથી એક આદર્શ અને ધાર્મિક સામુદાયિક જીવન વ્યતીત કરી શકાય છે.

## ❋ આધ્યાત્મિક શકિત પ્રાપ્ત થાય છે.

શિલ્પસ્થાપત્યના સિદ્ધાંત મુજબ બનાવેલું મંદિર એક તદ્દન જુદા પ્રકારનો આયામ છે, વિશ્રામ છે. અહીં થાકેલ મનુષ્ય આવી આશ્વાસન અને આસ્થા પ્રાપ્ત કરે છે. જયારે પુઢષાર્થી મનુષ્ય આવી પોતાની સાધનાનાં પુઢષાર્થનું પ્રભુ સમક્ષ નિરૂપણ કરી પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત કરે છે. જયારે ઉચ્ચકક્ષાના ભકત અહીં પ્રભુની પ્રેમ અને કરૂણાનાં વર્ષાવમાં ભીંજાવા આવે છે. આમ, માનવી સાધનના કોઈપણ તબકકે હોય પણ મંદિર તેને પરમાત્મા શકિત સાથે જોડનારો સેતુ બની રહે છે.

પ્રભુના પ્રેમ અને કરૂણાની સતત અનુભૂતિ ભકતનાં જીવનને પ્રભુમય બનાવી દે છે. આવા ભકતોનું શરીર પછી પ્રભુનું મંદિર બની જાય છે. 'ब्रह्मीभूत काया होत असे कीर्तन' કીર્તન કરતાં કરતાં ભકતની કાયા જ બ્રહ્મીભૂત થઈ જાય છે.

ભારતીય સંસ્કૃતિની આ આગવી દેન છે. ભગવાન આકાશમાં દૂર રહ્યો છે. એવું ભારતીય ઋષિઓએ નથી કહયું તેઓ તો કહે છે કે ભગવાન માનવમાં અને માનવ સાથે રહેલો છે. ગીતામાં કહ્યું છે કે सर्वस्य चाहं ह्रदि सन्निविष्टो ।

સામાન્ય માનવ આ મંદિરને શરીર સમજે છે. જયારે ભકત આ શરીરને 'મંદિર' સમજે છે. ભકતની ટોચની સ્થિતિમાં શરીરનાં રોમેરોમમાં અણું અણુંમાં પ્રભુનાં અસ્તિત્વનો સાક્ષાત્કાર થાય છે.

કવિ દલપતરામ સંસારને સાપનોળિયાનો નિત્ય સંગ્રામ કહેતા. ધર્મમંદિરને નોળિયાની નોળવેલ કહેતા. સંસાર સંગ્રામે સર્પદંશોના ઝેર ચડયા હોય તે ધર્મમંદિરો જઈ નોળવેલ સૂંઘી આવે એના સંસારના ઝેર ઉતરી જાય. સંસારના ઝેર ઉતારે નહિ તે ધર્મ નથી. ધર્મ મંદિર નથી. મંદિરનું ઘુંમટ આ જ વાત સમજાવે છે. જયાં શીતળતાના બુંદ વરસે છે, આત્મા ઠરે છે, અંતરને ટાઢક વળે છે. ઉરનાં અને અંગના અગ્નિ શાંત પાડે છે.

# પાદ-ટીપ

| | | |
|---|---|---|
| (૧) | બૃહદ્ સંહિતા | અધ્યાય ૫૬ શ્લોક ૩ |
| (૨) | સંસ્કૃતિદર્શન | પ્રકરણ ૪ |
| (૩) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ અ. ૩ શ્લોક ૮ થી ૧૦ |
| (૪) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ અ. ૩, શ્લોક ૧૧ થી ૧૫ |
| (૫) | शिल्परत्नाकर : | બીજુ રત્ન શ્લોક-૧૨૫ |
| (૬) | शिल्परत्नाकर : | બીજુ રત્ન શ્લોક-૧૩૫ થી ૧૩૮ અને ૧૪૪ થી ૧૪૯ |
| (૭) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ અ. ૫, શ્લોક ૨૭૦ |
| | शिल्परत्नाकर : | અ. ૫, શ્લોર ૨૧૮ |
| (૮) | ज्ञानप्रकाश दीपार्णव | अ. ३, श्लोक २६ |
| (૯) | दीपार्णव : | अ. ३, श्लोक ३२, ३३ |
| (૧૦) | शिल्परत्नाकर : | દ્વિતીય રત્ન શ્લોક ૧૭૪ |
| (૧૧) | शिल्परत्नाकर : | દ્વિતીય રત્ન શ્લોક ૧૬૬ થી ૧૬૮ |
| (૧૨) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ તૃતીય અધ્યાય શ્લોક ૨૯૭ થી ૩૦૦ |
| (૧૩) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન શ્લોક-૮૫, ૮૬ |
| (૧૪) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન શ્લોક ૮૦ થી ૮૪ |
| (૧૫) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | અધ્યાય-૩, ઉત્તરાર્ધ શ્લોક ૩૬૦ થી ૩૬૩ |
| (૧૬) | शिल्परत्नाकर : | ચતુર્થ રત્ન શ્લોક ૫ |
| (૧૭) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ અ. ૫, શ્લોક ૧૬ થી ૧૮ |
| (૧૮) | शिल्परत्नाकर : | ચતુર્થ રત્ન, શ્લોક ૧૮, ૧૯, ૨૦ |
| (૧૯) | शिल्परत्नाकर : | ચતુર્થ રત્ન, શ્લોક ૪૯ |
| (૨૦) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન શ્લોક-૧૧૦, ૧૧૧ |
| (૨૧) | शिल्परत्नाकर : | પંચમ રત્ન, શ્લોક -૧૨ |
| (૨૨) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન, શ્લોક - ૧૨૬ |
| (૨૩) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન, શ્લોક - ૧૫૭ |
| (૨૪) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન, શ્લોક - ૧૭૬ |
| (૨૫) | शिल्परत्नाकर : | તૃતીય રત્ન, શ્લોક - ૧૮૪, ૧૮૫ |
| (૨૬) | शिल्परत्नाकर : | ચતુર્થ રત્ન, શ્લોક - ૯૩ |
| (૨૭) | शिल्परत्नाकर : | દ્વિતીય રત્ન, શ્લોક-૧૧ |
| (૨૮) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | ઉત્તરાર્ધ, અ. ૩ શ્લોક ૧૬, ૧૭ |
| (૨૯) | बृहद् संहिता | અ. ૫૬, ૧૦ |
| (૩૦) | बृहद् संहिता | અ.-૫૬, શ્લોક-૧ |
| (૩૧) | अमृतवाणी | रामकृष्ण मठ प्रकाशन, पृ ७५ |